



રાઈટ્સના વિવાદમાં કંગનાની તનુ વેડ્સ મનુ-થ્રી અટકી


# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૪ અંક : ૩૯ I વિક્રમ સંવત ૨૦૮૧ : ભાદરવો વદ ૦૩ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 39 • Dt.10-09-2025 Wednesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125






ભગવાનની કૃપાથી, હું તમને બધાને ખાતરી આપવા માંગુ છું કે હું સંપૂર્ણપણે સ્વસ્થ છું : કાજલ

અયોધ્યા દીપોત્સવમાં નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનશે । રામનગરી ૨૬ લાખથી વધુ દીવાઓથી ઝગમગશે



07

**10**
SEPTEMBER- 2025
WEDNESDAY



07

મેક્સિકોમાં અકસ્માત, માલગાડી ડબલ-ડેકર બસ સાથે અથડાઈ । ૧૦ લોકોના મોત

**ભારે વરસાદ વચ્ચે શહેરમાં કામગીરી શરૂ**

## અનેક ગામોમાં પાણી ભરાયા, વીજ પોલ ધરાશાયી થયા, અને ૧૩ ગામો સંપર્ક વિહોણા બન્યા

# બનાસકાંઠામાં ૧૩૩ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરાયો

### બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓ સુઈગામ, ભાભર, વાવ અને થરાદમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે પવન સાથે મુશળધાર વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી હતી

I પ્રતિનિધિ, પાલનપુર, તા.૯ I

બનાસકાંઠા જિલ્લાના સરહદી તાલુકાઓ સુઈગામ, ભાભર, વાવ અને થરાદમાં છેલ્લા ત્રણ દિવસથી ભારે પવન સાથે મુશળધાર વરસાદે જળબંબાકારની સ્થિતિ સર્જી હતી. આના કારણે અનેક ગામોમાં પાણી ભરાયા, વીજ પોલ ધરાશાયી થયા, અને ૧૩ ગામો સંપર્ક વિહોણા બન્યા. લોકોની હાલત દયનીય બની હતી. આજે, ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ, વરસાદનું જોર ઘટતાં રાહત કામગીરી શરૂ થઈ છે. જિલ્લા કલેકટર મિહિર પટેલના નેતૃત્વમાં યુ.જી.વી.સી.એલ દ્વારા ૨૯૭ અસરગ્રસ્ત ગામોમાંથી ૧૩૩માં વીજ પુરવઠો પુનઃસ્થાપિત થયો છે, અને બાકી ૧૬૪ ગામોમાં કામગીરી ચાલી રહી છે.આજે વરસાદનું જોર ઘટતાં સ્થિતિ સામાન્ય થઈ રહી છે, અને વહીવટી તંત્ર દ્વારા રાહત કામગીરી શરૂ કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, બનાસકાંઠા જિલ્લામાં થયેલા ધોધમાર વરસાદે સરહદી વિસ્તારો થરાદ, વાવ, સુઈગામ અને ભાભરમાં સૌથી વધુ અસર કરી છે. આ વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી, જેના કારણે અનેક ગામો અને માર્ગો પાણીમાં ગરકાવ થયા હતા.ભારે પવન સાથેના અવિરત વરસાદે મોટા પાયે નુકસાન કર્યું, જેના લીધે લોકોની હાલત દયનીય બની હતી. ખાસ કરીને, સરહદી તાલુકાઓમાં માર્ગો ધોવાયા હોવાથી ગામોનો સંપર્ક તૂટી ગયો હતો, જેના કારણે નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો.





બનાસકાંઠા જિલ્લા કલેકટર મિહિર પટેલના નેતૃત્વ હેઠળ વહીવટી તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે રાહત અને પુનઃસ્થાપન કામગીરી હાથ ધરવામાં આવી છે. ખાસ કરીને, યુ.જી.વી.સી.એલ પાલનપુર સર્કલ હેઠળ વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના સવારના ૧૦ વાગ્યા સુધીમાં, ૨૯૭ અસરગ્રસ્ત ગામો પૈકી ૧૩૩ ગામોમાં વીજ પુરવઠો ફરીથી કાર્યરત કરવામાં આવ્યો છે. બાકીના ૧૬૪ ગામોમાં વીજ પુરવઠો પુનઃસ્થાપિત કરવા માટે કામગીરી ઝડપથી ચાલી રહી છે.

**કાયદા ભંગ કરતી પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવા માટે તંત્ર સક્રિય બન્યું**

# ભરૂચમાં ગુંડા એક્ટ હેઠળ કડક કાર્યવાહી : નયન ઉર્ફે બોબડાનું ગેરકાયદેસર બાંધકામ તોડી પાડાયું

I પ્રતિનિધિ, ભરૂચ, તા.૯ I

શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે તંત્ર દ્વારા ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક પગલાં લેવામાં આવી રહ્યા છે. ગુંડા એક્ટ-૨૦૨૫ મુજબ હાથ ધરાયેલી કાર્યવાહી હેઠળ ભરૂચ શહેરના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલા રવિ પૂજન સોસાયટીમાં રહેતા નયન ઉર્ફે બોબડા કિશોરચંદ્ર કાયસ્થના નિવાસસ્થાન ઉપર બૌડા વિભાગે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડ્યું છે.ભરૂચ જિલ્લામાં તાજેતરમાં જ જિલ્લા પોલીસ પ્રમુખ તરીકે અક્ષયરાજ મકવાણાની નિમણૂક થઈ છે. તેમના સીધા માર્ગદર્શન હેઠળ કાયદા ભંગ કરતી પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવા માટે તંત્ર સક્રિય બન્યું છે. નયન ઉર્ફે બોબડા વિરુદ્ધ ગુંડા એક્ટ હેઠળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, ત્યારબાદ તેના નિવાસસ્થાન ઉપરના વધારાના ગેરકાયદેસર બાંધકામને તંત્રે નિશાન બનાવ્યું.બૌડા વિભાગના અધિકારીઓ પોલીસ દળની હાજરીમાં રવિ પૂજન સોસાયટી ખાતે પહોંચ્યા હતા. જેસીબી મશીન અને હથોડાની મદદથી ગેરકાયદે બાંધકામ તોડી પડવાની કામગીરી હાથ ધરાઈ. થોડા જ કલાકોમાં આખું બાંધકામ જમીનદોસ્ત કરવામાં આવ્યું. તંત્રની આ કાર્યવાહીથી આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી. કાર્યવાહી દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તંત્રે મજબૂત બંદોબસ્ત ગોઠવ્યો હતો. મોટી સંખ્યામાં પોલીસ જવાનોને સ્થળ પર મુકવામાં આવ્યા હતા. જેના કારણે કાર્યવાહી દરમિયાન કોઈ અવરોધ કે કાયદો-વ્યવસ્થા ભંગ થાય તેવી ઘટના સર્જાઈ નહોતી. ઝાડેશ્વર વિસ્તારના રહેવાસીઓ વચ્ચે આ કાર્યવાહી ચર્ચાનો વિષય બની ગઈ.








## અમદાવાદના રહેવાસી સાથે ૫.૯૧ લાખની છેતરપિંડી કરનારા મહારાષ્ટ્રના આરોપીની ધરપકડ કરાઇ

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ |

દાણીલીમડામાં રહેતી એક વ્યક્તિને શેરબજારમાં નાણાં રોકવાથી સારૂ વળતર મળશે કહીને રૂ.૫.૯૧ લાખની છેતરપિંડી કરનારા શખ્સની દાણીલામડા પોલીસે મહારાષ્ટ્રમાંથી ધરપકડ કરી છે.આ બનાવની વિગત મુજબ દાણીલામડામાં રહેતા નવીનચંદ્ર કે.ચૌહાણને મહારાષ્ટ્રના થાણેમાંભાયંદર ખાતે રહેતા હર્ષિત એ.અગ્રવાલે શેરબજારમાં નાણાં રોકવાથી સારૂ વળતર મળશે કહીને નવીનચંદ્ર અને તેમના પત્નીના એકાઉન્ટમાંથી રૂ.૬,૨૩,૩૨૦ ટ્રાન્સફર કરાવી ઓનલાઈનથી મેળવી લીધા હતા.તેમાંથી આરોપી હર્ષિતે રૂ.૩૨,૦૦૦ નવીનચંદ્રને પરત આપ્યા હતા.બાકીના રૂ. ૫,૯૧,૨૩૦ પરત ન કરીને છેતરપિંડી કરી હતી.

## આણંદમાં મકાનના કબજા સંબંધી મામલામાં સુપ્રિટેન્ડેન્ટ ઉસ્માનગની ઇસ્માઇલગની મીર લાંચમાં ધરપકડ કરાઇ

| પ્રતિનિધિ, આણંદ, તા.૯ |

આણંદમાં મકાનના કબજા સંબંધી મામલામાં એક વ્યક્તિ પાસેથી રૂ.૧૫,૦૦૦ ની લાંચ લેતા આણંદ જિલ્લા ન્યાયાલય,ચોથા એડી.સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટના સુપ્રિટેન્ડેન્ટ ઉસ્માનગની ઈસ્માઈલગની મીરની એસીબીએ ધરપકડ કરી હતી. આ કેસની વિગત મુજબ ફરીયાદી વિરુધ્ધ બેક્ર દ્વારા સરફેસી એક્ટ હેઠળ ફરીયાદીના મકાનનો કબ્જો મેળવવા નામ સીવીલ કોર્ટ, આણંદ ખાતે ન્યાયીક પ્રક્રિયા કરી હતી.

જે કામે સીવીલ કોર્ટ, આણંદ નાઓએ તા.૨૩.૦૪.૨૦૨૫ ના રોજ ફરીયાદીના મકાનનો કબ્જો બેક્રને સોંપવા હુકમ કર્યો હતો.જે હુકમની અમલવારી કરવા નામ. કોર્ટે, કોર્ટ કમીશ્નર મુજબ કાર્યવાહી કરવા જણાવતા તા.૩૧.૮.૨૦૨૫ ના રોજ કોર્ટ કમીશ્નર તથા આરોપી ઉસ્માનગની નાઓ ફરીયાદીના મકાનનો કબ્જો બેક્રને સોંપવા માટે ફરીયાદીના ઘરે ગયા હતા.

### કુલ ૫૮૬ નવા ચેકડેમ બનાવવામાં આવ્યા

# રાજ્યમાં વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ-જળસંચય થાય તે માટે સરકાર સંકલ્પબદ્ધ : મુકેશ પટેલ

**અનેકવિધ નવા ચેકડેમ,ખેત તલાવડી, વિવિધ નદીઓ પર બેરેજ-વિયર, રિચાર્જ વેલ અને તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે**

| પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ |

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ-જળ સંચય થાય તે માટે અનેકવિધ નવા ચેકડેમ,ખેત તલાવડી, વિવિધ નદીઓ પર બેરેજ-વિયર, રિચાર્જ વેલ અને તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૨ તેમજ દેવભૂમિ દ્વારકામાં ૧૩ નવા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૫૮૬ નવા ચેકડેમ બનાવવામાં આવ્યા છે તેમ,આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યમાં વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ-જળસંચય થાય તે માટે સરકાર સંકલ્પબદ્ધ છે.મંત્રી મુકેશ પટેલે પેટા પ્રશ્નનો જવાબ આપતા કહ્યું હતું કે, જામનગરમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૯ ચેકડેમને મંજૂરી મળી છે તેમાંથી ત્રણનું કામ પૂર્ણ કરાયું છે. જ્યારે દેવભૂમિ દ્વારકામાં ૬ ચેકડેમની મંજૂરી મળી હતી તેમાંથી એક ચેકડેમનું કામ પુરું કરવામાં આવ્યું છે.તેઓએ ગૃહમાં જણાવ્યું હતું કે, આ બે જિલ્લામાં વિવિધ કેનાલોની ઉંડાઈ ૩ થી ૬ મીટર છે. આ વિસ્તારમાં કેનાલને જ્યાં પાકી કરવાની જરૂર જણાયે



ખેડૂતો દ્વારા જમીન સંપાદનમાં સહકાર અપાશે તો ચોક્કસ પાકી કરવામાં આવશે. હાલમાં આ કેનાલ દ્વારા ખેડૂતોને સિંચાઈ માટે પાણી આપવાનું ચાલું છે.વધુમાં જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ઉંડ-૧ ડેમ સાથે જોડાયેલી ૧૬૭ કિ.મી પાકી તેમજ ૨૭ કિ.મી કાચી કેનાલ કાર્યરત છે તેમ, મંત્રીએ ઉમેર્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વરસાદના પાણીનો મહત્તમ સંગ્રહ-જળ સંચય થાય તે માટે અનેકવિધ નવા ચેકડેમ,ખેત તલાવડી, વિવિધ નદીઓ પર બેરેજ-વિયર, રિચાર્જ વેલ અને તળાવો ઊંડા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. આ અભિયાનના ભાગરૂપે જામનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ૧૨ તેમજ દેવભૂમિ દ્વારકામાં ૧૩ નવા ચેકડેમ મંજૂર કરવામાં આવ્યા છે. આમ અત્યાર સુધીમાં કુલ ૫૮૬ નવા ચેકડેમ બનાવવામાં આવ્યા છે તેમ,આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા જળ સંપત્તિ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું હતું.

## રાજદીપસિંહ જાડેજાની મુશ્કેલી વધી, ગુજરાત હાઈકોર્ટે જામીન અરજી ફગાવી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ |

અમિત ખૂંટ આત્મહત્યા કેસ અંગે એક મોટી ખબર સામે આવી છે. આ કેસના આરોપી રાજદીપસિંહ જાડેજાને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાત હાઈકોર્ટે રાજદીપસિંહ જાડેજાની આગોતરા જામીન અરજી ફગાવી દીધી છે. આરોપી રાજદીપસિંહ જાડેજા હાલમાં ફરાર છે. અનિરુદ્ધસિંહ બાદ રાજદીપસિંહ જાડેજાની મુશ્કેલી વધી છે.રાજદીપસિંહ જાડેજાની મુશ્કેલી વધી : અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં આરોપી બનેલા રાજદીપસિંહ જાડેજાએ ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. અગાઉ ગોંડલ સ્ટેશન કોર્ટે રાજદીપસિંહની આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

ત્યારબાદ તેમણે ગુજરાત હાઈકોર્ટમાં આગોતરા જામીન માટે અરજી કરી હતી. પરંતુ રાજદીપસિંહ જાડેજાના આગોતરા જામીન હાઈકોર્ટે નામંજૂર કર્યા છે.આ મુદ્દે સરકારી વકીલે દલીલ કરી હતી કે, વર્ષ ૨૦૨૨ ની ફરિયાદ અને મૃતકે અનિરુદ્ધસિંહની સજા માફી સામે ગૃહ ખાતામાં કરેલી અરજી તે આરોપી માટે મૃતક વિરુદ્ધ કરવાનો હેતુ હતો. આરોપીએ મૃતકને દુષ્કર્મ અને પોક્સોના ખોટા કેસમાં ફસાવી દેવા કાવતરું કર્યું હતું. આ કેસમાં ફક્ત સુસાઈડ નોટ જ નહીં પરંતુ બીજા પાસાની તપાસ પણ જરૂરી છે. આરોપીની તપાસ કરવી જરૂરી છે.

### ગુજરાત હાઇકોર્ટે રાજકોટ ટીઆરપી ગેમઝોન આગ ઘટના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો

# રાજકોટ શહેર ટીઆરપી ગેમઝોન અગ્નિકાંડમાં હાઇકોર્ટે ફાયર ઓફિસર અને એટીપીની ડિસ્ચાર્જ અરજી ફગાવી

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ |

ગુજરાત હાઈકોર્ટે રાજકોટ ટીઆરપી ગેમઝોન આગ ઘટના કેસમાં મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે ફાયર ઓફિસર રોહિત વિગોરા અને આસિસ્ટન્ટ ટાઉન પ્લાનર જયદીપ ચૌધરીની ડિસ્ચાર્જ અરજી ફગાવી દીધી છે. આ બંને અધિકારીઓએ દલીલ કરી હતી કે તેમની સામે કોઈ ગુનો થયો નથી, પરંતુ હાઈકોર્ટે આ દલીલો સ્વીકારી ન હતી અને તેમની અરજીઓ ફગાવી દીધી હતી. આ કેસમાં ૨૫ મે, ૨૦૨૪ ના રોજ બનેલી આ દુઃખદ ઘટનામાં નાના બાળકો અને મહિલાઓ સહિત ૨૭ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા.



આ ઘટના રાજકોટના નાના માવા રોડ પર સ્થિત ટીઆરપી ગેમઝોનમાં બની હતી, જે એક લોકપ્રિય મનોરંજન સ્થળ છે. ગેમઝોન પર ફાયર સેફ્ટી નિયમોનું ઉલ્લંઘન અને ગેરકાયદેસર બાંધકામનો આરોપ હતો.ખાસ કરીને, ગેમઝોન ફાયર એનઓસી વિના ચલાવવામાં આવી રહ્યું હતું, જે એક ગંભીર બેદરકારી હતી. આ ઉપરાંત, અગ્નિશામક ઉપકરણો અને બહાર નીકળવાના માર્ગોના અભાવે ઘટનાને વધુ ગંભીર બનાવી હતી. આ આગને ગુજરાતના ઈતિહાસમાં સૌથી ભયાનક માનવસર્જિત આપત્તિઓમાંની એક માનવામાં આવે છે.આ ઘટના પછી, રાજકોટ પોલીસે તાત્કાલિક તપાસ શરૂ કરી. તપાસમાં ગેમ ઝોન માલિકો, મ્યુનિસિપલ અધિકારીઓ અને ફાયર વિભાગના અધિકારીઓની મિલીભગત બહાર આવી. આ ઘટનામાં ૧૫ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૪, ૩૦૮, ૩૩૭ અને ૧૧૪ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. આ બધા આરોપીઓને જેલમાં મોકલી દેવામાં આવ્યા છે. તપાસ દરમિયાન, એવું જાણવા મળ્યું કે ગેમ ઝોનનું બાંધકામ અને સંચાલન નિયમોની વિરુદ્ધ હતું. ફાયર ઓફિસર રોહિત વિગોરા અને એટીપી જયદીપ ચૌધરી પર નિયમોનું પાલન કરવામાં બેદરકારીનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ બંને અધિકારીઓએ હાઈકોર્ટમાં ડિસ્ચાર્જ અરજી દાખલ કરી હતી, પરંતુ કોર્ટે તેમની દલીલોને ફગાવી દીધી હતી અને કેસ આગળ વધારવાનો આદેશ આપ્યો હતો.

## સુરતના ડિંડોલીમાં શિક્ષિકા પર બળાત્કાર, હોમગાર્ડ જવાનની ધરપકડ, પોલીસે તપાસ શરૂ કરી

| પ્રતિનિધિ, સુરત, તા.૯ |

સુરત શહેરના ડિંડોલી વિસ્તારમાં એક ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ૪૭ વર્ષીય શિક્ષિકા પર હોમગાર્ડ જવાન પર બળાત્કાર કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આરોપીએ શિક્ષિકાને લાકડીથી ધમકાવી અને તેના બે પુત્રોને મારી નાખવાની ધમકી આપી હતી. ઘટના બાદ પીડિતાએ ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે આરોપી વિજય અગ્નેની ધરપકડ કરી છે.પીડિતા ૪૭ વર્ષીય શિક્ષિકા છે, જે ડિંડોલી વિસ્તારમાં રહે છે. તેના પતિનું એક વર્ષ પહેલા અવસાન થયું હતું, અને તે તેની બે પુત્રીઓ સાથે રહે છે. આરોપી વિજય અગ્ને ડિંડોલી પોલીસ સ્ટેશનમાં હોમગાર્ડ જવાન છે. તેની બે પુત્રીઓ પીડિતાની શાળામાં અભ્યાસ કરે છે, જેના કારણે તે શાળામાં વાલી-શિક્ષક મીટિંગ દરમિયાન પીડિતાના સંપર્કમાં આવ્યો હતો. ફરિયાદ મુજબ, આરોપીએ શિક્ષિકા સાથે મિત્રતા કરી અને તેનો ફાયદો ઉઠાવીને તેના ઘરે આવવા-જવા લાગ્યો. ઘટનાના દિવસે, આરોપીએ પીડિતાની સંમતિ વિના બળજબરીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા. આ દરમિયાન તેણે શિક્ષિકાને ચપ્પુથી ધમકાવી હતી અને તેણી અને તેના બે પુત્રોને મારી નાખવાની ધમકી આપી હતી.

## પોરબંદરમાં ૬ વર્ષની બાળકી પર બળાત્કાર, આરોપીની ધરપકડ, પોલીસે તપાસ શરૂ કરી

| પ્રતિનિધિ, પોરબંદર, તા.૯ |

પોરબંદરમાં એક શરમજનક અને અપમાનજનક ઘટના પ્રકાશમાં આવી છે, જેમાં ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને બળાત્કાર કરવામાં આવ્યો હતો.આ ઘટનાને કારણે સ્થાનિક સમુદાયમાં ભારે રોષ અને આઘાતનું વાતાવરણ છે.પોલીસે આ કેસમાં તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી છે અને સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે.

માહિતી અનુસાર આ ઘટના પોરબંદરના નવી ખાડપીઠ વિસ્તારના દેવીપૂજક વાસમાં બની હતી. તે જ વિસ્તારમાં રહેતા આરોપી બાદલ ઉમેશ સોલંકીએ ૬ વર્ષની બાળકીનું અપહરણ કરીને તેને પોતાના ઘરે લઈ જઈને તેના પર બળાત્કાર કર્યો હતો. ઘટનાની માહિતી મળતાં જ બાળકીના પરિવારે તાત્કાલિક કમલબાગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં અપહરણ અને બળાત્કારના ગંભીર આરોપો નોંધાયા છે.ફરિયાદ નોંધાયાના થોડા કલાકોમાં જ કમલબાગ પોલીસે આરોપી બાદલ ઉમેશ સોલંકીની ધરપકડ કરી હતી. પોલીસે પોક્સો એક્ટ (જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ) હેઠળ કેસ નોંધ્યો છે અને આરોપીની પૂછપરછ શરૂ કરી છે. છોકરીને તાત્કાલિક તબીબી તપાસ અને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે.



### ઓપરેશન સિંદૂરની સફળતા માટે

# પીએમ નરેન્દ્ર મોદી - ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ વિધાનગૃહમાં સર્વાનુમતે પસાર

**ભારતીય સેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વમાં ૭મી મે, ૨૦૨૫ના દિવસે ઓપરેશન સિંદૂરને અંજામ આપીને રાષ્ટ્ર વિરોધી તત્વોની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપ્યો**



। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ ।

ગુજરાત વિધાનસભાએ ઓપરેશન સિંદૂરની સફળતા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય સેનાને અભિનંદન પાઠવતો પ્રસ્તાવ વિધાનગૃહ માં સર્વાનુમતે પસાર કરાયો હતો. વિધાનસભા ગૃહના નેતા તરીકે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રસ્તાવ રજુ કર્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, પોલિટિકલ વિલ અને નેશનલ સિક્યુરિટીની પ્રાયોરીટી હોય તો દેશ વિરુદ્ધની નાપાક હરકતોનો સજ્જડ જવાબ આપી શકાય તે ઓપરેશન સિંદૂરથી પુરવાર થયું છે.

ભારતીય સેનાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વમાં ૭મી મે, ૨૦૨૫ના દિવસે ઓપરેશન સિંદૂરને અંજામ આપીને રાષ્ટ્ર વિરોધી તત્વોની નાપાક હરકતોનો જડબાતોડ જવાબ આપ્યો છે. આ ઓપરેશનની સફળતાથી દેશના જન-જનની સુરક્ષા અને રાષ્ટ્ર રક્ષાનો મંત્ર પાર પડ્યો છે.આ પ્રસ્તાવ રજૂ કરતા સ્પષ્ટપણે જણાવ્યું કે, ઓપરેશન સિંદૂરની સફળતાને પગલે ૧૪૦ કરોડ દેશવાસીઓ અને વિશ્વના અનેક દેશોએ પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સક્ષમ નેતૃત્વની જે પ્રશંસા કરી છે તેમાં ગુજરાત વિધાનસભા પણ પોતાનો સૂર પુરાવે છે.મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આપણી સેનાએ પાર પાડેલું આ ઓપરેશન સિંદૂર માત્ર સૈન્ય કાર્યવાહી નથી, પરંતુ ત્રાસવાદ, આતંકવાદ સામેના દાયકાઓના લાંબા સંઘર્ષ અને વડાપ્રધાનની આતંકવાદ સામેની ઝીરો ટોલરન્સની નીતિમાં નિર્ણાયક અને ઐતિહાસિક મોડ છે.

ગૃહના નેતા ભૂપેન્દ્ર પટેલે આભાર પ્રસ્તાવની ચર્ચાનો પ્રારંભ કરતા કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હંમેશા દેશના નાનામાં નાના માનવીનો ખ્યાલ રાખીને શિક્ષા, સ્વાસ્થ્ય અને સુરક્ષાને પ્રાથમિકતા આપી છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું કે, બેટી બચાવો-બેટી પઢાઓ અભિયાન અને નવી શિક્ષણ નીતિથી તેમણે શિક્ષણનો કાયાકલ્પ કર્યો છે. ગરીબ અને સામાન્ય વર્ગના પરિવારો માટે વિશ્વની સૌથી મોટી જન આરોગ્ય યોજના આયુષ્માન ભારત પીએમ જન આરોગ્ય યોજના શરૂ કરીને સ્વાસ્થ્ય સુરક્ષા આપી છે.

દેશની સુરક્ષા અને જન-જનની રક્ષાને પણ તેમણે એટલી જ અહેમિયત આપીને એ માટે પણ અનેક ઐતિહાસિક અને હિંમતપૂર્વકના પગલાં ભર્યા છે.

ઓપરેશન સિંદૂર આવું જ એક ઐતિહાસિક કદમ છે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે આ અંગે વધુમાં કહ્યું કે, આપણા સુરક્ષા દળોએ ઉરીના આતંકી હુમલા સામે સર્જિકલ સ્ટ્રાઈકની એવી જવાબી કાર્યવાહી કરી કે પાકિસ્તાનની આંખો પહોળી થઈ ગઈ. બાલાકોટમાં આતંકી ઠેકાણાઓ પર એર સ્ટ્રાઈક કરીને એરફોર્સે આતંકી તાલીમ કેમ્પ જ નષ્ટ કરી નાખ્યા અને પુલવામાં હુમલાનો વળતો જવાબ આપી દીધો. પાકિસ્તાનને હજી તેની કળ વળી નથી અને ત્યાં જ આપણી સેનાએ ઓપરેશન સિંદૂરથી તો તેમની નાભિ પર જ સીધો પ્રહાર કર્યો છે.

### નારોલ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે

# અમદાવાદમાં તંત્રની બેદરકારીએ લીધો દંપતીનો જીવ,કરંટ લાગતા મોપેડ જતા દંપતીનું મોત મળ્યું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ગંભીર બેદરકારીથી બે લોકોનો જીવ ગયો. નારોલમાં ૩ ફૂટના ખાડામાં ભરાયેલા વરસાદી પાણીમાં વીજ કરંટ લાગવાથી એક્ટિવા પર જતા દંપતીનું મોત નિપજ્યું છે. વરસાદી પાણીમાંથી વાહન લઈને પસાર થવું દંપતી માટે જીવલેણ નિવડ્યું. મોપેડ સવાર દંપતીને અચાનક વીજ કરંટ લાગતા તે મોપેડ પરથી નીચે પટકાયું હતું. ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી અને વીજ પુરવઠો બંધ કરાવ્યો હતો. પરંતુ ત્યાં સુધીમાં સિંઘલ દંપતી જીવ ગુમાવી ચુક્યા હતા. મૃતક નારોલ રુદ્ર ગ્રીન ફ્લેટમાં રહેતા હરજીવનભાઈ સિંઘલ અને તેમની પત્ની અંકિતાબેન સિંઘલ છે.

નારોલ પોલીસ ઘટનાની તપાસ કરી રહી છે.અમદાવાદના નારોલ વિસ્તારમાં આવેલ મટન ગલીમાં મોટી દુર્ઘટના સર્જાઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, મટન ગલીમાં ભરાયેલા વરસાદી પાણીમાં વીજ કરંટ લાગતા દંપતીનું કમકમાટીભર્યું મોત નિપજ્યું છે. ફાયર બ્રિગેડમાં ઘટનાની જાણ કરનાર રાજુભાઈએ સમગ્ર ઘટના વિશે જણાવ્યું કે, મોપેડ પર એક દંપતી જઈ રહ્યું હતું. તે સમયે રસ્તા પર ત્રણ ચાર ફૂટ ભરાયા હતા. વરસાદી પાણીમાંથી મોપેડ પસાર થતું હતું. ત્યારે મોપેડ સવાર દંપત્તિને અચાનક વીજ કરંટ લાગ્યો હતો. તેથી દંપતી મોપેડમાંથી નીચે પટકાયું હતું.

## ભાવનગરમાં કુંભારવાડાના રિક્ષા ચાલકનું દેવગણ નદીમાં ડૂબી જવાથી મોત

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૯ ।

ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા એક યુવકનું દેવગણ નદીમાં ડૂબી જવાથી દુઃખદ મોત થયું. મૃતકની ઓળખ સમીર જુનેજા તરીકે થઈ છે, જે મોતીતલાવ વિસ્તારમાં રહેતો હતો અને રિક્ષા ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. આ ઘટનાથી સ્થાનિક સમુદાયમાં શોક ફેલાયો છે.માહિતી અનુસાર, સમીર જુનેજા દેવગણ નદીમાં નહાવા ગયો હતો. આ દરમિયાન તે અચાનક ઊંડા પાણીમાં ફસાઈ ગયો અને ડૂબવા લાગ્યો. નજીકના સ્થાનિક લોકોએ તેને બચાવવાનો પ્રયાસ કર્યો અને ઘટનાસ્થળે દોડી જઈને તેને પાણીમાંથી બહાર કાઢ્યો. જોકે, સમયસર બચાવ કામગીરી છતાં સમીરની હાલત ગંભીર રહી.સ્થાનિક લોકોએ તાત્કાલિક સમીરને નજીકની હોસ્પિટલમાં ખસેડ્યો, જ્યાં ડોક્ટરોએ તેની તપાસ કર્યા બાદ તેને મૃત જાહેર કર્યો. હોસ્પિટલના જાણકારી અનુસાર, પાણીમાં ડૂબી જવાથી સમીરનું ગૂંગળામણને કારણે મૃત્યુ થયું હતું. આ ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી અને પોલીસે આ મામલાની તપાસ શરૂ કરી છે.

## મજાકમાં મારેલો લાફો અમદાવાદી યુવકનો જીવ લઈ ગયો, ઘટનાના સીસીટીવીમાં લાઈવ મોત દેખાયું

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે જે સાંભળી આપ પણ ચોંકી જશો. થોડા દિવસ પહેલા એક યુવક અચાનક બેભાન થાય છે અને બાદમાં તેનું મોત નિપજે છે. આ મોત પાછળનું કારણ મિત્રો વચ્ચેની મજાક હોવાનું સામે આવ્યું. પાનના ગલ્લે મિત્રો ઉભા હતા અને એક મિત્રએ મજાકમાં લાફો મારતા યુવક નીચે પટકાયો અને બ્રેઈન હેમરેજ થતા તેનું મોત નિપજ્યું. આ ઘટના સીસીટીવીમાં કેદ થતા રામોલ પોલીસે મનુષ્યવધનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી. પોલીસ કસ્ટડીમાં જોવા મળતો આરોપી ભાવેશ વાઘેલા છે. મિત્રના મોત કેસમાં રામોલ પોલીસે આરોપીની ધરપકડ કરી છે. આરોપી ભાવેશ વાઘેલાએ મિત્ર કરણ ઠાકોર સાથે મજાક મસ્તીના ઝઘડામાં લાફો મારતા કરણનું મૃત્યુ નિપજ્યું. આ ઘટના ઝઝ્રફ માં કેદ થતા રામોલ પોલીસે મનુષ્યવધનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.

ઘટનાની વાત કરીએ તો ૧૮ ઓગસ્ટના રોજ મૃતક કરણ ઠાકોર આરોપી ભાવેશ વાઘેલા અને તેમના ૪ મિત્રો રવિ વાઘેલા, કલ્પેશ પરમાર, રાજુ રાજપૂત અને લલિત પરમાર મોડી રાત્રે શ્રાવણીયો જુગાર રમીને વહેલી સવારે નાસ્તો કરવા રિક્ષામાં નીકળ્યા હતા. તેઓ નાસ્તો કરીને મજાક મસ્તી કરતા ઘર તરફ આવી રહ્યા હતા ત્યારે વચ્ચે દ્વારકેશ પાન પાર્લર નજીક પાન મસાલો લેવા રીક્ષા ઉભી રાખી હતી. આ દરમ્યાન મૃતક કરણએ આરોપી પાસે રજનીગંધા મગાવતા બંન્ને વચ્ચે મજાક મસ્તીમાં ઝઘડો થયો અને આરોપીએકરણનેલાફોમારતાતેરોડપર પટકાયો હતો.

જ્યાં માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમ્યાન ૩૦ ઓગસ્ટના રોજ મોત નિપજ્યું હતું. આ ઘટના ઝઝ્રફ કેમેરામાં કેદ થતા રામોલ પોલીસે મનુષ્યવધનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે.






## તંત્રી લેખ..

# પાયરેસીની તકલીફ

વર્ષોથી પાયરેસીનો ડંખ બોલિવુડને ઝેલવાની ફરજ પડી રહી છે. તે રોજગારી પર પણ સીધી અસર કરે છે. પાયરેસીના સમસ્યા અને તેના પર અંકુશ મુકવાની બાબતને લઈને હમેંશાથી ચર્ચા રહી છે. પાયરેસી સામે લોકડાઉન પહેલા અવાજ પણ ઉઠી ચુકી ચુકી છે. બોલિવુડના સંબંધિત લોકો દ્વારા આ મામલાને ગંભીરતાથી લેવાની શરૂઆત કરી દીધી છે. એક ફિલ્મ બનાવવામાં ખુબ પૈસા ખર્ચ થાય છે. કેટલાક લોકોના રોજગાર તો ફિલ્મ સાથેજ જોડાયેલા છે. જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ હવે પાયરેસીની સામે એક મત થઈ રહી છે. પાયરેસીની ફિલ્મ પર માઠી અસર થાય છે. ફિલ્મ નિર્માતાને વધારે નુકસાન થાય છે. સારી પટકથા ધરાવતી ફિલ્મો લીક કરવામાં આવે છે. ઓછા લોકપ્રિય ચહેરા ધરાવતી ફિલ્મ બનાવવા માટે નાણાં ઓછા ખર્ચ કરવામાં આવે છે પરંતુ મોટા સ્ટાર ધરાવતી ફિલ્મ બનાવવા પાછળ તો જંગી નાણાં ખર્ચ કરવામાં આવે છે. પાયરેસીના સફાયાની બાબત તો શક્ય દેખાતી નથી પરંતુ તેના પર કેટલાક પગલા લઈને અંકુશ મુકી શકાય છે. ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝની સાથે સાથે સરકારને પણ કઠોર નિયમો બનાવવાની જરૂર છે. આના માટે નિષ્ણાંતોની કમિટી બનવી જોઈએ. સામાન્ય લોકો પણ પાયરેસીના મામલે તમામ બાબતો જાણે છે. પાયરેસી ફિલ્મ જોવાની બાબત એક ચોરી સમાન છે. મોઘા ટિકિટ પાયરેસીના માંગને વધારી દેવા માટે ચોક્કસ પણે કારણરૂપ છે. કારણ કે સામાન્ય ફિલ્મને નિહાળવા માટે કોઈ પણ પરિવાર ૨૦૦૦ રૂપિયા ખર્ચ કરશે નહી. આવી સ્થિતીમાં તે વેબસાઈટ પરથી જ આવી ફિલ્મ ડાઉનલોડ કરી નાંખે છે અને ઘરમાં જોઈ નાંખે છે. જો કે કેટલાક લોકો માને છે કે શહેરોમાં હજુ પણ સિંગલ સ્ક્રીન રહેલા છે જ્યા સસ્તામાં ફિલ્મ નિહાળી શકાય છે. થિયેટરના જાદુને ક્યારેય લેપટોપ અને સ્માર્ટ ફોન પર મેળવી શકાય નહી. પરંતુ લોકોને વિચારવાની જરૂર છે કે આવા સરળ મનોરંજનના ચક્કરમાં તેઓ કેટલાક લોકોની રોજગારી પર લાત મારી રહ્યા છે. લોકોને સમજી લેવાની જરૂર છે કે આ ફિલ્મની પાછળ સેંકડો લોકોની રોજગારી જોડાયેલી હોય છે. ફિલ્મ સારો કારોબાર કરે છે તો ઈન્ડસ્ટ્રીઝ આના કારણે આગળ વધે છે. પરંતુ પાયરેસી ફિલ્મના કારણે તેની ગણતરી પર માઠી અસર થાય છે. લોકો દસ રૂપિયા ખર્ચ કરીને પાયરેટેડ ફિલ્મને પોતાના મોબાઈલમાં અથવા તો લેપટોપમાં ડાઉનલોડ કરી નાંખે છે. આ બાબત ચોક્કસપણે ખોટી અને ગેરકાયદે છે. પાયરેસીના શિકાર થયેલી મોટી ફિલ્મમાં રજનિકાંતની કબાલી પણ સામેલ છે. રજનિકાતના એક્શન ફિલ્મ રજૂ કરવામાં આવ્યાના ૭૦ મિનિટમાં જ લીક થઈ ગઈહતી. ફિલ્મ ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવી હતી. જો કે ફિલ્મે પ્રથમ સપ્તાહમાં ૩૫૦ કરોડની કમાણી કરી હતી પરંતુ પાયરેસીના કારણે તેને પણ નુકસાન થયુ હતુ. જાણકાર લોકો માને છે કે કોઈ પણ વ્યક્તિ પેટ કાપીને તો ફિલ્મ નિહાળવા જશે નહી. નિર્માતા અને નિર્દેશકો તથા સરકાર માત્ર કમાણીને જ નહી બલ્કે લોકોની સંખ્યાને પણ ધ્યાનમાં લે તે જરૂરી છે. ટિકિટની કિંમત ઓછી હોવી જોઈએ, સાથે સાથે કાયદાકીય જોગવાઈ પણ કઠોર હોવી જોઈએ. દેશના આઈટી એક્ટમાં ફિલ્મ પાયરેસીને રોકવા માટે હજુ સુધી કોઈ ખાસ જોગવાઈ નથી

# હંસવા પર શરીરમાંથી એન્ડોર્ફિન બહાર નિકળે છે



લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસીન એટલે કે હંસી લાખ બિમારીની એક દવા તરીકે છે. લાફ્ટર ઈઝ ધ બેસ્ટ મેડિસન એટલે કે હસી લાખ બિમારીની એક દવા છે. પરંતુ સામાન્ય લોકોને આ અંગે ખુબ ઓછી માહિતી છે કે પોતાના પર હંસવાની બાબત આરોગ્ય માટે પણ ખુબ સારી બાબત છે. સ્પેનના ગ્રનાડા યુનિવર્સિટીમાં કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પોતાના પર જોક્સ કરીને અથવા તો પોતાને હંસાવનાર લોકોના મનૌવૈજ્ઞાનિક આરોગ્યનુ સ્તર ખુ ઉપર રહે છે. આ ઉપરાંત અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પોતાનાને હંસાવવાની બાબત એક રીતે ગુસ્સાને દબાવવા અને અંકુશમાં લેવા સમાન છે. ગુસ્સો ન કરવાની બાબત પણ આરોગ્ય માટે આદર્શ છે. લાફ્ટર થેરાપીને લઈને હવે ચર્ચા થવા લાગી ગઈ છે. જાણકાર લોકો કહે છે કે હંસવાની સ્થિતીમાં શરીરમાંથી એન્ડોર્ફિન હાર્મોન બહાર નિકળે છે. જે હાર્ટને મજબુત બનાવે છે. હંસવાના કારણે હાર્ટની કસરત પણ થઈ જાય છે. હંસવાની બાબત ટેન્શનને દુર કરે છે. પીડા અને બિમારીને દુર કરવામાં હંસી એન્ટીડોટ છે. શરીર અને દિમાગને સંતુલિત રાખવા માટે હંસી કરતા અન્ય કોઈ ચીજ વધારે અસરકારક નથી. તમામ લોકોને સારી રીતે સમજી લેવાની જરૂર છે કે પોતાના પર હંસવાની બાબત આરોગ્ય માટે વધારે ફાયદાકારક છે. એક શોધમાં આ મુજબની બાબત સપાટી પર આવી ચુકી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે હાસ્ય બ્લડપ્રેશરને નિયંત્રણ કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. હાઈ બ્લડ પ્રેશરવાળા લોકો માટે હાસ્ય ખુબ આદર્શ છે. હંસવાથી શરૂઆતમાં વાહિનીઓમાં લોહીનુ દબાણ વધી જાય છે. પરંતુ આ વધી ગયેલુ સ્તર ટુંક સમયમાં જ સામાન્ય સ્તર પર પહોંચી જાય છે. આનાથી એમ પણ સાબિત થાય છે કે હંસવાથી લોહીનુ સંચાર વધવાથી બ્લડ પ્રેશર પણ ઓછુ થાય છે. હંસવાથી શરીરના જુદા જુદા મસલ્સની પણ કસરત થાય છે. હંસવામાં ડાયફ્રામ અને પેટની મસલ્સ પર અસર થાય છે. જે વારંવાર ફેલે છે અને સંકુચિત થાય છે. હંસીને નેચરલ કોસ્મેટિક્સ પણ કહી શકાય છે. આની અસર કુદરતી એન્ટી એજિંગના સ્વરૂપમાં દેખાય છે. હંસવાથી ચહેરાની માંસપેશિઓમાં પણ કસરત થાય છે. સ્થુળતાને પણ કાબુમાં રાખવામાં મદદ મળે છે. દરરોજ એક કલાક સુધી હંસવાના કારણે ૪૦૦ કૈલોરી ઉર્જા બર્ન થાય છે. આ જ કારણ છે કે આધુનિક સમયમાં હાસ્ય ક્લબની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. કેટલાક તબીબો તો અહીં સુધી કહે છે કે હંસીથી ઈમ્યુનિટી પાવરમાં અથવા તો રોગપ્રતિકારક ક્ષમતામાં પણ વધારો થાય છે. હંસવાના કારણે એન્ટીબોડી કોશિકા એવા હાર્મોનને રિલિઝ કરે છે જે શરીરમાં થનાર ફેરફારનો સામનો કરવા માટે તૈયાર હોય છે. એક સંશોધનમાં આ બાબતની પણ માહિતી મળી છે કે હંસીથી કેન્સર વાળી કોશિકા અને અન્ય પ્રકારના હાનિકારક બેક્ટિરિયા અને વાયરસ પણ નષ્ટ કરી શકાય છે. કારણ કે હંસવાથી ઓક્સીજનનુ પ્રમાણ વધી જાય છે. આ ઉપરાંત તે પીડાનાશક થેરાપીની જેમ પણ કામ કરે છે. હંસવાથી સારો અનુભવ થાય તેવા હાર્મોન નિકળે છે. જુદી જુદી શોધના કારણે કેટલીક સારી બાબત સપાટી પર આવી છે. હંસવાથી અમારા અંદર પોઝિટીવ એનર્જી આવે છે. થોડાક સમય સુધી હંસવાથી માંસપેશિયા ઓછામાં ઓછા ૪૫ મિનિટ સુધી રિલેક્સ થઈ જાય છે. સાથે સાથે ખુલીને હંસવાથી તમામ ટેન્શન નિકળી જાય છે. જેથી ટેન્શનથી થનાર માનસિક અને શારરિક સમસ્યાથી બચાવ થાય છે. હંસીના મારફતે કેન્સરથી બચાવની ક્ષમતા અનેક ગણી વધી જાય છે. કારણ કે આના કારણે શરીરમાં ઈન્ટરફેરોન ગામ એટલે કે આઈએફએનનુ સ્તર વધી જાય છે. શોધમાં એમ પણ જાણવા મળ્યુ છે કે ડિપ્રેશન થવા તો ટેન્શનમાં રહેવાની સ્થિતીમાં વ્યક્તિ વધારે ખાવા ઉપરાંત જંક ફુડનો વધારે ઉપયોગ કરે છે. જેની સીધી અસર વજન પર પડે છે. પરંતુ હંસવાથી દિમાગથી એક રસાયણ સેરોટોનિન નિકળે છે જે કુદરતી રીતે ભુખ પર નિયંત્રણ કરવાનુ કામ કરે છે. આના કારણે વ્યક્તિને જલ્દી જલ્દી ભુખ લાગતી નથી. સાથે સાથે ભુખ વગર કંઈક ખાવાની ઈચ્છા થતી નથી. જે રીતે ફિજિકલી ફિટ રહેવા માટે અમે દરરોજ કસરત અને યોગા કરીએ છીએ તેવી જ રીતે હંસવા માટે લાફટર ક્લબમાં સામેલ થઈ શકાય છે.



**ભાગદોડની લાઇફમાં ફિટનેસ માટે લોકોની પાસે સમય નથી ત્યારે**

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# ટેકનોલોજી આરોગ્યનુ ધ્યાન રાખે છે

**ટેક્નોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખી શકાય છે : જુદા જુદા ફિટનેસ સંબંધિત સાધનો બજારમાં ઉપલબ્ધ બન્યા છે**

ભાગદોડની લાઈફમાં કોઈની પાસે ફિટનેસ માટે હાલના સમયમાં સમય નથી. આવી સ્થિતીમાં ટેકનોલોજીની મદદથી તમે તમારી ફિટનેસ પર નજર રાખી શકો છો. ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખીને પોતાની તબિયતની કાળજી લઈ શકાય છે. આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે. વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઈફ રહે છે. જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે. જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે. જેમ કે સ્ટેપ્સ, ડિસ્ટેન્સ અને કેલોરીજનો સમાવેશ થાય છે.



કેલોરીજ અંગે માહિતી પુરી પાડે છે. આમાં ગારમીનના મુવ બાર લાગેલા છે જે આપને એક્ટિવ રહેવા માટે ઓડિએબલ એલર્ટસની માહિતી આપે છે,. સાથે સાથે કેટલાક મામલે રિમાઈન્ડ કરે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે તેના સ્લીપ મોડને એપના માધ્યમથી મેન્યુઅલી સેટ કરવાની જરૂર પડે છે. શ્યાઓમીના એમઆઈ બેન્ડ સૌથી સસ્તા અને વિયરેબલ ટ્રેકર તરીકે છે. આ આશ્ચર્યજનક રીતે ખુબ શાનદાર રીતે કામ કરે છે. તેમા ડિસ્પ્લે નહી પરંતુ તે વાયરલેસલી આરોગ્ય સાથે સંબંધિત તમામ ડેટા સ્માર્ટ ફોન એપથી લિન્ક કરી દે છે. સાથે સાથે તમામ વિગત સારી રીતે આપે છે. તેમાં ઓટો સ્લીપ મોનિટરિંગ પણ છે. તમે બેન્ડના જુદા જુદા રંગોમાંથી મનપસંદ રંગની પસંદગી કરી શકો છો.

તેના સિંગલ ચાર્જ એક મહિનાથી વધારે સમય સુધી યોગ્ય રીતે કામ કરે છે. વિવો સ્માર્ટ પણૅ શાનદાર સાધન તરીકે છે. વિવોસ્માર્ટ એચઆર ખુબ શાનદાર બેન્ડ છે. તેમાં કન્ટીન્યુઅસ હાર્ટ ટ્રેકિંગ ફિચર રહેલા છે. તેમાં ટચ ડિસ્પ્લે છે. જે આપની એક્ટિવિટી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે. આ નોટિફિકેશન દર્શાવવા માટે આપના સ્માર્ટ ફોન સાથે કનેક્ટ થઈ શકે છે. તેમાં એક મુવબાર હોય છે. જે આપને લાંબા સમય સુધી બેઠા રહેવાની સ્થિતીમાં ચારે બાજુ ફરવા માટે રિમાઈન્ડ કરે છે. કેટલાક લોકો ફિટનેસ બેન્ડ અને અન્ય ઘડિયાળ પહેરવાનુ પસંદ કરે છે. ફિટબિટ બ્લેજ આનો જવાબ તરીકે છે. આ ફિટનેસ પર કેન્દ્રિત સ્માર્ટ વોચ તરીકે છે. આમાં કન્ટીન્યુઅસ હાર્ટ રેટ ટ્રેકિંગ કલર એક્ટિવીટી અને સ્લીપ ટ્રેકિંગ છે. તેમાં જુદી જુદી એક્ટિવીટીની ટ્રેકિંગ માટે ડેડીકેટેડ મોડસ છે. સિંગલ ચાર્જ કરવા પર બેટરી પાંચ દિવસ સુધી ચાલે છે. કેટલાક સાધન બ્લડપ્રેસરના પરિણામ ને દર્શાવે છે. વિગિદ્સ સ્માર્ટ ફોન એપથી પોતાની રીતે સિન્ક કરીને માહિતી આપે છે. વિદિગ્સ વાયરલેસ બ્લડ પ્રેશર મોનિટર પણ ઉપયોગી ટેકનોલોજી ટુલ્સ તરીકે છે. મોનિટરને પોતાના હાથમાં સ્લીપ ઓન કરવામાં આવ્યા બાદ પોતાની રીતે સ્માર્ટ ફોન પર હેલ્થ મેટ એપ લોંચ કરીને માહિતી પુરી પાડશે. આ તબક્કાવાર રીતે દિશા નિર્દેશ આપે છે. કઈ રીતે યોગ્ય રીતે બ્લડપ્રેશર માપવામાં આવે તે બાબત ઉપયોગી છે.

એપથી લિન્ક થનાર ડેટા ચાર્ટ તરીકે દર્શાવવામાં આવે છે. વિથિગ્સ બોડી પણ ઉપયોગી ટેકનોલોજી સાધન તરીકે છે. તે વેટિંગ સ્કેલ બાયોમેટ્રિક ઈમ્પેડેન્સ ટેકનિક પર કામ કરે છે. આના કારણે આપના શરીરના મુલ્યાંકન કરવામાં આવે છે. તે કંપનીના પોઝિશન કન્ટ્રોલ ટેકનોલોજી સાથે સજ્જ હોય છે. તે યુજરને ગાઈડ કરે છે. સ્કુલ પર કઈ રીતે ક્યાં ઉભા થવામાં આવે તે અંગે તે માહિતી આપે છે. યોગ્ય માપ મળી શકે તે માટે આ સાધન પણ ઉપયોગી છે. લોકોની ભાગદોડની લાઈફને ધ્યાનમાં લઈને કેટલીક કંપનીઓ હવે એવા સાધન બનાવવામાં ધ્યાન આપી રહી છે જેના કારણે વ્યક્તિની ફિટનેસને પણ જાળવી શકાય. આ પ્રકારના સાધનોના નિર્માણ પર જંગી નાણાં ખર્ચ કરવામાં આવી રહ્યા છે. મોટા ભાગની કંપનીઓ હેલ્થ સાથે સંબંધિત અલગ અલગ પ્રકારના ટેકનોલોજી સાધન તૈયાર કરી લીધા છે. જેની અસર દેખાઈ પણ રહી છે. ફિટનેસને લઈને આને કારણે ફાયદો પણ થઈ રહ્યો છે. આ પ્રકારના સાધન ખરીદવા માટે ઉત્સુકતા પણ વધી રહી છે.



**હેલ્થી ટ્રિક્સ : જંક ફુડથી દુર રહીને કેટલીક બિમારીને ટાળી શકાય**

**શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે ડિહાઇડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે જેના કારણે લોહી ગાઢ બની જાય છે જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે**

# બ્રેક ફાસ્ટને ટેવ બનાવવાની જરૂર

**શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં એનર્જી લેવલ ખુબ ઓછુ થઇ જાય છે : નિયમિત ગાળામાં પાણી પિતા રહેવુ જોઇએ**

આધુનિક ભાગદોડની લાઈફમાં દરેક વ્યક્તિ ફિટ અને એનર્જેટિક રહેવા માટે ઈચ્છુક હોય છે પરંતુ તે જરૂરી સમય કાઢી શકતો નથી. ટેક્સાસમાં હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરીરમાં બે ટકા પાણીની કમી થવાની સ્થિતીમાં પણ એનર્જી લેવલ ખુબ ઓછુ થઈ જાય છે. ડિહાઈડ્રેશનના કારણે બ્લડવોલ્યુમ ઘટી જાય છે. જેના કારણે લોહી ગાઢ બની જાય છે. જેના કારણે હાર્ટ ઓછા અસરકારક રીતે કામ કરે છે. આનાકારણે ઓક્સીજન અને પૌષક તત્વો ઓછી ગતિથી આપની મસલ્સ અને ઓર્ગન્સ સુધી પહોંચે છે. આના માટે રહી રહીને પાણી પીતા રહેવાની જરૂર હોય છે. નિષ્ણાંત લોકો કહે છે કે સવારે ઉઠી ગયા બાદ વધારે સમય સુધી ભુખ્યા રહેવાની બાબત યોગ્ય નથી. બ્રેકફાસ્ટ કરવાથી આપના મેટાબોલિજમ યોગ્ય રહે છે. જો તમે બ્રેક ફાસ્ટમાં પૌષ્ટિક ભોજન લઈ રહ્યા છો તો દિવસ દરમિયાન ઉર્જા રહે છે. સવારના સમયમાં ભુખ્યા રહેવાની સ્થિતીમાં દિવસ દરમિયાન માથુ ચકરાવે છે. આના કારણે ખુબ થાક લાગે છે. જેથી સવારના સમયમાં નાસ્તાને પ્રાથમિકતા આપવામાં આવે તે જરૂરી છે.જંક ફુડથી દુરી રાખવામાં આવે તે પણ જરૂરી છે. જંક ફુડ ખાવાથી શરીરને કોઈ ઉર્જા મળતી નથી. આ



માત્ર સ્વાદમાં ગમી શકે છે. જંક ફુડથી બ્લડ શુગર વધી જાય છે. જેના કારણે આપને વધારે થાક લાગે છે. આપને ભોજનમાં પ્રોટીનયુક્ત ચીજોનો ઉપયોગ કરવાની સલાહ મોટા ભાગના નિષ્ણાંત લોકો આપે છે. ૨૪ કલાક ફિટ અને એનર્જેટિક રહેવા માટે કેટલીક ખરાબ ટેવ છોડી દેવાની જરૂર છે. ખોટી ટેવ છોડી દેવાના કારણે ફિટ રહેવામાં મદદ મળશે.ફિટ અને હેલ્થી રહેવા માટે નિયમિત કસરત જરૂરી બની ગઈ હોવાનું તારણ નવા અભ્યાસમાં બહાર આવ્યુ છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કસરતથી શરીરમાં બ્લડ સરક્યુલેશનમાં ઉલ્લેખનીય વધારો થાય છે. સાથે સાથે આનાથી કુશળતા પણ વધી જાય છે. નોકરીની જગ્યાએ લાંબા સમય સુધી કોમ્પ્યુટરની સામે બેસી રહેવાથી ઘણી તકલીફ ઉભી થઈ શકે છે આવી સ્થિતિમાં નિયમિતપણે કસરત ખૂબ જ જરૂરી છે. નિયમિતપણે કસરત નહીં કરવાથી શરીરમાં બ્લડ સરક્યુલેશનની ગતિ ધીમી પડી જાય છે. યાદશક્તિ અને ધ્યાનશક્તિને વધારવા નિયમિત કસરત જરૂરી બની ગઈ છે. આનાથી શરીરમાં ટોકસીન ફોર્મેશનની ગતિ ધીમી પડે છે. કસરતના સંબંધમાં વારંવાર તારણો સપાટી પર આવી ચૂક્યા છે. નિષ્ણાંતોનું કહેવું છે કે શરીરને ફિટ અને હેલ્થી રાખવા માટે વોકિંગ, સ્વીમીંગ, એરોબીક્સ, સાઈકલીંગ અને બેલી ડાન્સીંગ હવે ઉપયોગી બન્યા છે. વોકિંગને સર્વશ્રેષ્ઠ કસરત તરીકે ગણવામાં આવે છે. દરરોજ જીમમાં જવા માટે આધુનિક સમયમાં સમય નથી. આવી સ્થિતિમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. દરરોજ ઓછામાં ઓછા ૩૦ મિનિટ સુધી વોકીંગમાં સમય ગાળવામાં આવે તે જરૂરી છે. ભોજન લીધા બાદ ઓછામાં ઓછા પાંચ મિનિટ સુધી ઓફિસના પ્રાંગણમાં વોકિંગ કરવાથી ફાયદો થાય છે. જીમમાં કસરત કરવાથી ડર લાગે છે તો આવી સ્થિતિમાં સ્વીમીંગ પણ વિકલ્પ તરીકે છે. સ્વીમીંગથી શારીરિક પ્રવૃત્તિ વધી જાય છે. બટર ફલાય સ્ટ્રોક, બેગ સ્ટ્રોક, બિગ સ્ટ્રોકથી ફાયદો થાય છે. એરોબીક્સને પણ હવે મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. સંગીતના પ્રેમીઓ માટે એરોબીક્સનો વિકલ્પ પસંદ કરવો જોઈએ. આનાથી ટેન્શન ઓછું થાય છે. એરોબીક્સની ક્લાસમાં પણ હાલમાં મોટી સંખ્યામાં લોકો જોવા મળે છે. સાઈકલીંગથી હાર્ટ અને બ્લડ સરક્યુલેશનમાં સુધારો થાય છે. સાઈકલીંગ નિયમિત કરવાથી પગના સ્નાયુ પણ મજબૂત બને છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે માત્ર ત્રણ મિનીટ સુધીની સામાન્ય કસરત પણ સ્થૂળતાને ઘટાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.

ફેટને દૂર કરવામાં કસરતની મહત્વપૂર્ણ ભૂમિકા છે. નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે જે લોકો જીમમાં જવામાં આળસ અનુભવ કરે છે અને જે લોકો કસરત માટે સમય નથી તેવી દલીલ કરે છે તે લોકો માટે એક નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે માત્ર ત્રણ મિનીટની કસરત મહત્વપૂર્ણ થઈ શકે છે અને ઘરમાં જ આ કસરત કરી શકાય છે.



**કભી કભી પીતા હું કહેનાર લોકોને પણ સાવધાન થઇ જવાની જરૂર**

**આ એક બે પેગ પણ નુકસાનકારક અને જીવલેણ સાબિત થઇ શકે છે ૧૯૫ દેશોમાં શરાબ પીનાર લોકોને આવરી લઇને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે આના કારણે ૨.૮ મિલિયન અથવા તો ૨૮ લાખ લોકોના મોત થઇ જાય છે**

# એક પેગ પણ જીવલેણ બની શકે છે

**૧૯૫ દેશોને આવરી લઇને કરવામાં આવેલા અભ્યાસ મુજબ વર્ષે શરાબના કારણે ૨૮ લાખ લોકોના મોત થઇ જાય છે**

આમારામાંથી કેટલાક લોકો તો કહેતા રહે છે કે ભાઈ હું તો ઓકેજનલ ડ્રિન્કર છુ . ક્યારેય ક્યારેક પેગ લગાવી લઉ છુ , ખુબ ઓછા પ્રમાણમાં શરાબ સેવન કરુ છુ. પરંતુ હાલમાં કરવામાં આવેલા નવા અભ્યાસથી આ પ્રકારની વાત કરનાર લોકોને પણ સાવધાન થઈ જવાની જરૂર છે. કારણ કે શરાબના એક બે પેગ પણ ભારે પડી શકે છે. આ એક બે પેગ પણ નુકસાનકારક અને જીવલેણ સાબિત થઈ શકે છે. ૧૯૫ દેશોમાં શરાબ પીનાર લોકોને આવરી લઈને કરવામાં આવેલા એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે આના કારણે ૨.૮ મિલિયન અથવા તો ૨૮ લાખ લોકોના મોત થઈ જાય છે.

વોશિગ્ટનના સિએટલ સ્થિત ધ ઈન્સ્ટીટ્યુટ ફોર હેલ્થ મેટ્રિક્સ એન્ડ ઈવેલ્યુશનમાં નિષ્ણાંત તબીબ અને શોધ કરનાર મેક્સ ગ્રીસવોલ્ડે કહ્યુ છે કે શરાબનુ કોઈ પણ પ્રમાણ સુરક્ષિત નથી. હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે એક મર્યાદિત પ્રમાણમાં શરાબનો ઉપયોગ કરવાથી હાર્ટની તકલીફ ઓછી થઈ જાય છે. પરંતુ આ નવા અભ્યાસમાં અગાઉના દાવાને ફગાવી દેવામાં આવ્યો છે અને કહેવામાં આવ્યુ છે કે ખુબ ઓછા પ્રમાણમાં સેવન પણ જીવલેણ અને ખતરનાક છે. મેડિકલ જર્નલ ધ લેન્સેટમાં



પ્રકાશિત અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે શરાબના સેવનતી જોડાયેલી આરોગ્ય સંબંધી પરેશાની દરરોજ એ જ પ્રમાણમાં વધે છે જેટલા પ્રમાણમાં શરાબનો ઉપયોગ કરવામાં આવે છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે જે લોકો દિવસમાં બે ડ્રિક્સ લે છે તેમાં બિમારીનો ખતરો સાત ટકા વધી જાય છે. આવી જ રીતે જે લોકો પાંચ ડ્રિક્સ લે છે તેમાં ગંભીર બિમારીનો ખતરો ૩૭ ટકા વધી જાય છે. એંકદરે વર્ષ ૨૦૧૬માં પ્રીમેચ્યોર ડેથ અને અન્ય બિમારીથી થનાર મોતના કારણમાં એક કારણ શરાબ પણ હતુ. રિસર્ચમાં જાણવા મળ્યુ છે કે શરાબના કારણે દર વર્ષે બે ટકા મહિલાઓ અને ૬.૮ ટકા પુરૂષોના મોત થઈ જાય છે. તાજેતરમાં જ કરવામાં આવેલા એક ચોકાવનારા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે શરાબ અથવા તો આલ્કોહલનું સેવન ખતરનાક છે. ઘણી બીમારીઓને તે આમંત્રણ આપે છે. આ અભ્યાસના તારણ અગાઉના તારણ કરતાં બિલકુલ અલગ છે. અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે કેટલાક પ્રકારના કેન્સરના ખતરાને પણ શરાબ વધારી દે છે. વિશ્વના મોટા ભાગના દેશોમાં શરાબનું સેવન થાય છે. ભારતમાં પણ શરાબના શોખીનોની સંખ્યા ઓછી નથી. એનએચએસની માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે પુરુષોએ દિવસમાં ત્રણથી ચાર યુનિટથી વધારે ડ્રીક કરવું જોઈએ નહીં. જ્યારે મહિલાઓએ બેથી ત્રણ યુનિટથી વધારે સેવન કરવું જોઈએ નહીં. સંશોધનમાં જાણવા મળ્યું છે કે શરાબની આનાથી પણ ઓછી સપાટીના સેવનથી પણ કેન્સરનો ખતરો રહેલો છે. અમારા અભ્યાસના ડેટા દર્શાવે છે કે કેન્સરના ઘણા કેસને ટાળી શકાય છે પરંતુ આના માટે આલ્કોહલિક વપરાશ દિવસમાં બે યુનિટ સુધી મર્યાદિત કરવામાં આવે તે જરૂરી છે. પુરુષો દિવસમાં બે આલ્કોહલિક ડ્રીક અને મહિલાઓ એક આલ્કોહલિક ડ્રીક દરરોજ કરવાથી જોખમને ઘટાડી શકાય છે. ઘણી આરોગ્ય સંસ્થાએ કહ્યું છે કે ઓછા પ્રમાણમાં શરાબનું સેવન શરીર માટે ફાયદાકારક છે. આ સંશોધનમાં જાણવા મળ્યું છે કે ભલામણ કરવામાં આવેલી માર્ગદર્શિકા કરતા પણ ઓછા પ્રમાણમાં શરાબનું સેવન કરે તો વધુ કેન્સરના કેસોને અટકાવી શકાય છે. એકંદરે શરાબનું સેવન બંધ કરવાથી વધુ ફાયદો થઈ શકે છે.

શરાબના કારણે વોઈસ બોક્સ સહિત ઘણા પ્રકારના કેન્સર થાય છે. લિવરના કેન્સરનો પણ ખતરો રહે છે. આ અભ્યાસના પરિણામો બ્રિટિશ મેડિકલ જર્નલમાં પ્રકાશિત કરવામાં આવી ચૂક્યા છે.અન્ય એક રિપોર્ટ હાલમાં જારી કરવામાં આવી હતી જેમાં બ્રિટનના સંબંધમાં વાત કરવામાં આવી છે.જેમાં કહેવામાં આવ્યુ છે કે આગામી ૨૦ વર્ષમાં દારૂના સેવનને લીધે ઈંગ્લેન્ડ અને વેલ્સમાં અંદાજે બે લાખથી વધુ લોકો મોતને ભેટશે. આરોગ્ય નિષ્ણાતના મત મુજબ બે લાખમાંથી ત્રીજા ભાગના લોકો દારૂ પીવાથી ફેફસા સડી જવાના કારણથી મોતને ભેટશે. લેન્કેટ મેડીકલ જર્નલના અભ્યાસી અહેવાલમાં નિષ્ણાંતોએ કહ્યું છે કે અકસ્માત, હિંસા અને આપઘાત જેવા કારણોથી પણ લોકો મૃત્યુ પામશે. આ ઉપરાંત દારૂપીવાથી બીપી વધવુ, પક્ષાઘાત, હૃદયરોગનો હુમલો અને કેન્સર જેવી બીમારી પણ મોત માટે કારણભૂત બની શકે છે.




Cyber Octet™

CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

**WHY JOIN CYBER OCTET ?**

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

**ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)**

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

www.lokpatrika.in
10-09-2025 Wednesday લોક પત્રિકા
કૃષિ પત્રિકા @ Gujarat
LOK PATRIKA



# આ છે જામફળની 5 ઉત્તમ જાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. જામફળની ખેતી સમગ્ર ભારતમાં થાય છે, પરંતુ અલ્હાબાદી જામફળની વાત અલગ છે. અલ્હાબાદી જામફળ તેના સ્વાદ અને સુગંધ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તે એકદમ સફરજન જેવું લાગે છે. એટલા માટે લોકો તેને સેબિયા જામફળ પણ કહે છે. કહેવાય છે કે અલાહાબાદી જામફળની ખેતી બાદશાહ અકબરના સમયથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકો વિચારે છે કે અલ્હાબાદી જામફળની ખેતી કરીને જ સારી આવક (Farmers Income) મેળવી શકાય છે, પરંતુ એવું નથી. જામફળની આવી ઘણી જાતો છે, જેની ખેતી બમ્પર ઉપજ આપશે.

## પંત પ્રભાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. આ પ્રકારના જામફળ પાકે છે ત્યારે તેનો ઉપરનો ભાગ પીળો થઈ જાય છે. જ્યારે, ગુદાનો રંગ સફેદ રહે છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે.



**શ્વેતા** | શ્વેતા એ પણ જામફળની એક ખાસ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ જાતની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થશે. શ્વેતા જાતના જામફળના ઝાડની ઊંચાઈ ઓછી હોય છે. તમે 6 વર્ષ જૂના ઝાડમાંથી 90 કિલો જામફળ તોડી શકો છો. તેના એક ફળનું વજન 225 ગ્રામ સુધી હોય છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેના ફળ ઘણા દિવસો સુધી બગડતા નથી.

**લખનઉ-49** | લખનઉ-49 જાતના જામફળના ઝાડ કદમાં નાના હોય છે. પરંતુ તેના ફળ ખૂબ જ મીઠા અને સ્વાદિષ્ટ હોય છે. ઉત્પાદનની દ્રષ્ટિએ પણ લખનઉ-49 જામફળ ઉત્તમ છે. તેનું એક ઝાડ 130 થી 155 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. ખેડૂતોમાં આ ખૂબ જ લોકપ્રિય જાત છે.

**થાઈ જામફળ** | થાઈ જામફળ એક વિચિત્ર જાત છે. તેના છોડ ખૂબ જ ઓછા સમયમાં ફળ આપવા લાગે છે. તેના જામફળની કિંમત વધુ છે. થાઈ જામફળ ઝડપથી બગડતા નથી. લણણી કર્યા પછી, તમે તેને 12 થી 13 દિવસ સુધી સ્ટોર કરી શકો છો. 4 થી 5 વર્ષ પછી, તેના એક ઝાડમાંથી 100 કિલો સુધીના ફળોનું ઉત્પાદન શરૂ થાય છે.

**લલિત** | લલિત જામફળની એક ઉત્તમ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેના ફળનું વજન 200 ગ્રામ સુધી હોઈ શકે છે. તેનો રંગ કેસરી છે. જો કે, ગુદાનો રંગ ગુલાબી છે. તમે તેના 6 વર્ષ જૂના ઝાડમાંથી 100 કિલો જામફળ તોડી શકો છો. જામફળની બાગાયતમાં રોકાયેલા ખેડૂતો માટે આ જાત વધુ સારી માનવામાં આવે છે.

# ઈલાયચીની ખેતીથી ખેડૂતો કરી શકે છે બમ્પર કમાણી



ઈલાયચીની ખેતી માટે લોમી જમીન સારી માનવામાં આવે છે. જો તમે ઈચ્છો, તો તમે તેને લેટેરાઈટ જમીન અને કાળી જમીનમાં પણ ઉગાડી શકો છો. ઈલાયચીના ખેતરમાં ડ્રેનેજની સારી વ્યવસ્થા હોવી જોઈએ. ઈલાયચીની ખેતીથી ખેડૂતો કરી શકે છે બમ્પર કમાણી, આ રીતે થાય છે તેની ખેતી ઈલાયચી ખાવાનું દરેકને પસંદ હોય છે. ઈલાયચીનો ઉપયોગ મોટાભાગે ચા બનાવવામાં થાય છે. આ સાથે ઈલાયચીનો ઉપયોગ ખીર, સેવ અને મીઠાઈઓમાં પણ થાય છે. આવી સ્થિતિમાં જો ખેડૂતો ઈલાયચીની ખેતી કરે તો તેઓ સારી કમાણી કરી શકે છે. જેમ કે, કેરળ, તમિલનાડુ અને કર્ણાટકમાં ખેડૂતો ઈલાયચીની સૌથી વધુ ખેતી કરે છે. ઈલાયચી(Cardamom Farming)ની ખેતી માટે લોમી જમીન સારી માનવામાં આવે છે. જો તમે ઈચ્છો, તો તમે તેને લેટેરાઈટ જમીન અને કાળી જમીનમાં પણ ઉગાડી શકો છો. ઈલાયચીના ખેતરમાં ડ્રેનેજની સારી વ્યવસ્થા હોવી જોઈએ. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ખેડૂતોએ રેતાળ જમીન પર ભૂલથી પણ ઈલાયચીની ખેતી ન કરવી જોઈએ, નહીં તો નુકસાન થઈ શકે છે. આવી ઈલાયચીની ખેતી માટે 10 થી 35 ડિગ્રી તાપમાન વધુ સારું માનવામાં આવે છે. ઈલાયચીમાં એન્ટિ-ઓક્સિડન્ટ્સ અને એન્ટિ-ઈન્ફ્લેમેટરી મળી આવે છે. આવી સ્થિતિમાં ઈલાયચીનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. આ સિવાય એલચીમાં વિટામિન C, વિટામિન B6, વિટામિન B3, કેલ્શિયમ, ઝિંક, પ્રોટીન અને પોટેશિયમ પણ ભરપૂર માત્રામાં જોવા મળે છે. જો હંમેશા ઈલાયચીનું સેવન કરવામાં આવે તો કફ અને શરદી જેવી બીમારીઓથી રાહત મળે છે.

## તમે 20 થી 25 દિવસના અંતરે ઈલાયચીની લણણી કરી શકો છો

જો તમારે ઈલાયચીની ખેતી કરવી હોય તો સૌ પ્રથમ ખેતરમાં ઘણી વખત ખેડાણ કરો. આ પછી તમે વરસાદની ઋતુમાં ઈલાયચીના છોડ વાવી શકો છો. રોપ્યાના બે વર્ષ પછી તેના છોડમાં ઈલાયચી આવવા લાગે છે. તમે 20 થી 25 દિવસના અંતરે ઈલાયચીની લણણી કરી શકો છો.

## એક હેક્ટરમાં 135 થી 150 કિલો ઈલાયચીનું ઉત્પાદન થશે

ઈલાયચીની લણણી કર્યા પછી તેને તડકામાં સૂકવવામાં આવે છે. ઈલાયચીનો લીલો રંગ જાળવવા માટે, તેને ધોવાના સોડાના દ્રાવણમાં 10 થી 15 મિનિટ સુધી પલાળી રાખવામાં આવે છે. આ પછી તેને સૂકવવામાં આવે છે. તેને 18 થી 20 કલાક તડકામાં સૂકવવામાં આવે છે. એક હેક્ટરમાં 135 થી 150 કિલો ઈલાયચીનું ઉત્પાદન થઈ શકે છે. ઈલાયચી બજારમાં 1500 થી 2000 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાય છે. આ રીતે તમે એક હેક્ટરમાં ઈલાયચીની ખેતી કરીને 3 લાખ રૂપિયા કમાઈ શકો છો.

# આ પાકની ખેતી તમને ધનવાન બનાવશે ! એક હેક્ટરમાં 20 લાખની આવક થશે

જામુન (જાંબુડા) ખાવાનું દરેકને પસંદ હોય છે. તે એન્ટીઑકિસડન્ટ ફળ છે. આનું સેવન કરવાથી શરીરની રોગપ્રતિકારક શક્તિ વધે છે. તેમાં આયર્ન, કેલ્શિયમ અને પોટેશિયમ અને વિટામિન સી ભરપૂર માત્રામાં જોવા મળે છે. કહેવાય છે કે જાંબુ ખાવાથી હાડકાં મજબૂત થાય છે. આ જ કારણ છે કે કેરી અને જામફળ કરતાં જાંબુની કિંમત વધુ છે. જો ખેડૂત ભાઈઓ બેરીની ખેતી કરે તો તેઓ જામફળ કરતાં વધુ કમાણી કરી શકે છે. ખાસ વાત એ છે કે ઘણા રાજ્યોમાં રાજ્ય સરકારો ખેડૂતોને બેરીની ખેતી માટે સબસિડી પણ આપે છે. હાલમાં, બિહાર સરકાર બેરીની ખેતી શરૂ કરનારા ખેડૂતોને સબસિડી આપી રહી છે. બિહાર સરકાર રાજ્યમાં બેરી સહિત અનેક પાકોનો વિસ્તાર વધારવા માંગે છે. આ જ કારણ છે કે તે મુખ્યમંત્રી બાગાયત મિશન અને રાષ્ટ્રીય બાગાયત મિશન યોજના હેઠળ ખેડૂતોને 50 ટકા સબસિડી આપી રહી છે.



## જામુનના ખેતરમાં સારી ડ્રેનેજ સિસ્ટમ હોવી જોઈએ

જામુન એક ઔષધીય ફળ છે અને તેમાંથી અનેક પ્રકારની દવાઓ પણ બનાવવામાં આવે છે. ખાસ વાત એ છે કે કેરી, લીચી અને જામફળની જેમ બેરીની પણ ખેતી કરવામાં આવે છે. આ માટે પ્રથમ ખેતર ખેડવામાં આવે છે. આ પછી, હળનો ઉપયોગ કરીને ખેતરને સમતળ કરવામાં આવે છે. જો તમે ઈચ્છો તો, તમે તેના ખેતરમાં ગાયના છાણનો ઉપયોગ ઓર્ગેનિક ખાતર તરીકે પણ કરી શકો છો. આ પછી, જામુનના છોડને સમાન અંતરે વાવેતર કરી શકાય છે.

## એક હેક્ટરમાં 250 થી વધુ જામુનના છોડ વાવી શકાય છે

જામુનના છોડ વાવવાથી 4 થી 5 વર્ષમાં ફળ આવવા લાગે છે. પરંતુ 8 વર્ષ પછી છોડ સંપૂર્ણપણે વૃક્ષોનું રૂપ લઈ લે છે. આ પછી બેરીનું ઉત્પાદન વધે છે. એટલે કે 8 વર્ષ પછી તમે જામુનના ઝાડમાંથી 80 થી 90 કિલો ફળો તોડી શકો છો. જો તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરવા માંગતા હો, તો તમે 250 થી વધુ છોડ રોપી શકો છો. આ રીતે 8 વર્ષ પછી તમે 250 જામુનના ઝાડમાંથી 20000 કિલો ફળ મેળવી શકો છો. અત્યારે બજારમાં જામુન રૂ.140 પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યું છે. આ રીતે તમે એક હેક્ટરમાં બેરીની ખેતી કરીને 20 લાખ રૂપિયાથી વધુની કમાણી કરી શકો છો.

# દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સીતાફળની ખેતી કરો

સીતાફળને ખૂબ જ ઓછી સિંચાઈની જરૂર છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ખડકાળ વિસ્તારોમાં તેની ખેતી થાય છે. જો કે, હવે ખેડૂતો કર્ણાટક, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં મોટા પાયે કસ્ટર્ડ સફરજનની ખેતી કરી રહ્યા છે. દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં સીતાફળની ખેતી કરો, 1 એકરમાં આટલા લાખની કમાણી થશે ભારતમાં સફરજન, નારંગી, જામફળ, કેરી અને કેળાની સાથે અનેક પ્રકારના ફળોની ખેતી કરવામાં આવે છે. કેટલાક ફળ મોસમી હોય છે તો કેટલાક આખા વર્ષ દરમિયાન બજારમાં સરળતાથી મળી રહે છે. તે જ સમયે, આ ફળોની ખેતી લગભગ સમગ્ર ભારતમાં થાય છે. પરંતુ આજે અમે એક એવા ફળ વિશે વાત કરવા જઈ રહ્યા છીએ, જેની ખેતી માત્ર પહાડી વિસ્તારોમાં જ થાય છે. ખાસ વાત એ છે કે તે ફળ બજારમાં થોડા દિવસો માટે જ જોવા મળે છે. આ પછી તમે તેને ફળોની દુકાન પર જોઈ શકશો નહીં.

ખરેખર, અમે વાત કરી રહ્યા છીએ સીતાફળની. સીતાફળને મીઠું ફળ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેને અંગ્રેજીમાં કસ્ટર્ડ એપલ કહે છે. તેમાં વિટામિન A, વિટામિન B1, વિટામિન B2 અને વિટામિન B3 સહિત ઘણા પોષક તત્વો અને ખનીજો મળી આવે છે. તેનું સેવન કરવાથી પાચન સંબંધી સમસ્યા દૂર થાય છે. હૃદયને પણ સ્વસ્થ રાખે છે. સાથે જ ડોક્ટર્સનું કહેવું છે કે કસ્ટર્ડ એપલ ખાવાથી આંખોની રોશની સુધરે છે. ઉપરાંત, કસ્ટર્ડ સફરજન વાળ અને માથાની ચામડી માટે ફાયદાકારક છે.



## વર્ષ પછી કસ્ટર્ડ એપલના ઝાડ પર ફળ આવવા લાગે છે

શરીફાને ખૂબ જ ઓછી સિંચાઈની જરૂર છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ખડકાળ વિસ્તારોમાં તેની ખેતી થાય છે. જો કે, હવે ખેડૂતો કર્ણાટક, ઓડિશા, બિહાર અને આંધ્રપ્રદેશ સહિતના ઘણા રાજ્યોમાં મોટા પાયે કસ્ટર્ડ સફરજનની ખેતી કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે કસ્ટર્ડ એપલ દેશી ફળ નથી. બિહારમાં છઠ પૂજાના સમયે બજારમાં તેની માંગ વધી જાય છે. જો તમે સીતાફળની ખેતી કરવા માંગતા હો, તો તમે તેને વાવી શકો છો. વાવણીના 40 દિવસ પછી બીજ અંકુરિત થાય છે. ત્યારબાદ 5 વર્ષ બાદ સીતાફળના ઝાડ પર ફળ આવવા લાગે છે. જો તમે ઈચ્છો તો નર્સરીમાંથી છોડ ખરીદીને બાગકામ શરૂ કરી શકો છો. એક ઝાડમાંથી ઘણા કિલો કસ્ટર્ડ સફરજન તોડી શકાય છે.

## 2 લાખ સુધીની કમાણી કરી શકે છે

શરીફામાં દુષ્કાળ સહન કરવાની શક્તિ વધુ છે. આ કિસ્સામાં, તેને ટપક પદ્ધતિથી સિંચાઈ કરવી જોઈએ. તેના બગીચામાંથી ફળોની સારી ઉપજ મેળવવા માટે સમયાંતરે ખાતરનો ઉપયોગ કરવો જોઈએ. જો તમે ઈચ્છો તો, તમે 3-10-10 ના પ્રમાણમાં N-P-K ખાતરનો ઉપયોગ કરી શકો છો. જો તમે એક એકરમાં કસ્ટર્ડ સફરજનની ખેતી કરો છો, તો તમે 2 લાખ રૂપિયા સુધીની કમાણી કરી શકો છો.



# અનાજ ભંડાર સંગ્રહની ક્ષમતા વધારવામાં આવશે, ભારત બનશે વિશ્વની સૌથી મોટી અનાજ બેંક

## આવનારા પાંચ વર્ષમાં ભંડારણ ક્ષમતા વધીને ૨૧૫૦ લાખ ટન થઈ જશે

## દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન ક્ષમતા ધરાવતા ગોદામ તૈયાર કરવામાં આવશે

ભારત જેવા વિશાળ વસ્તી ધરાવતા દેશ માટે અનાજના ભંડાર ક્રાઈસિસ ફૂડ મેનેજમેન્ટ માટે ખૂબ મહત્વના છે. કેન્દ્ર સરકારે સહકારી ક્ષેત્રમાં વિશ્વની સૌથી મોટી અનાજ ભંડારણ યોજનાને મંજૂરી આપી છે. કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં કૃષિ અને કિસાન કલ્યાણ વિભાગ, ઉપભોગતા બાબતો, સાર્નજનિક વિતરણ અને ખાધ્ય સંસ્કરણની ઉધોગ મંત્રાલયની કરોડો રુપિયાની યોજનાઓને પણ મંજુરી આપવામાં આવી હતી. કેન્દ્રીયમંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતું કે સહકારી ક્ષેત્રમાં ખાધ્યાન્ન અનાજ ભંડારણ ક્ષમતા ૭૦૦ લાખ ટન



વધારવા માટે ૧ લાખ કરોડ રુપિયાની યોજના તૈયાર કરવામાં આવી છે. આ ભંડારણ ક્ષમતા વિશ્વમાં સૌથી વધારે હશે. આવનારા પાંચ વર્ષમાં ભંડારણ ક્ષમતા વધીને ૨૧૫૦ લાખ ટન થઈ જશે. આ અંર્તગત દરેક બ્લોકમાં ૨૦૦૦ ટન ક્ષમતા ધરાવતા ગોદામ તૈયાર કરવામાં આવશે. એક માહિતી મુજબ ભારત વિશ્વમાં સૌથી મોટો અનાજ ઉત્પાદક દેશ છે. આંતરરાષ્ટ્રીય સ્તરે ચીન, અમેરિકા, બ્રાઝીલ, રશિયા અને આર્જેન્ટિના પાસે પોતાના વાર્ષિક અનાજ ઉત્પાદન કરતા પણ વધારે અનાજનો સંગ્રહ કરવાની ક્ષમતા છે. જયારે ભારતની વર્તમાન અનાજ ભંડારણ ક્ષમતા ૪૭ ટકા જ છે આથી અનાજનો ખૂબ બગાડ થાય છે અને ખેડૂતોએ સસ્તા ભાવે વેચી દેવી પડે છે. ભારતમાં વાર્ષિક ૩૧૦૦ લાખ ટન ખાધ અનાજ ઉત્પાદન થાય છે. આવા સંજોગોમાં અનાજ ભંડારણ ક્ષમતા વધારવાની તાતી જરુરીયાત હતી. અનાજ ભંડારણની ક્ષમતા વધારવાથી જ ખાધ સુરક્ષાની દિશામાં મજબૂત કદમ માંડી શકાય છે.

# અયોધ્યા દીપોત્સવમાં નવો ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનશે । રામનગરી ૨૬ લાખથી વધુ દીવાઓથી ઝગમગશે





લખનૌ : રામનગરી અયોધ્યામાં વિશ્વ રેકોર્ડ બનાવવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે. પ્રવાસન વિભાગ સરયુ કિનારે, રામ કી પૈડી અને અન્ય ઘાટ પર દીવાઓની શ્રેણી સાથે અલૌકિક દૃશ્ય રજૂ કરશે. રામનગરીનો દીપોત્સવ ફરી એકવાર પોતાનો જ રેકોર્ડ તોડશે.પર્યટન અને સંસ્કૃતિ મંત્રી જયવીર સિંહે જણાવ્યું હતું કે વિભાગની તૈયારીઓ ઝડપી ગતિએ ચાલી રહી છે. ૨૦૧૭ થી અયોધ્યામાં એક ભવ્ય અને દિવ્ય દીપોત્સવ ઉજવવામાં આવી રહ્યો છે. આને જાળવી રાખીને, દીપોત્સવમાં પણ સરયુ નદી પર સૌથી મોટો દીવો પ્રગટાવવાનો અને સૌથી મોટો આરતી સમારોહનું આયોજન કરવામાં આવશે. આ વર્ષે ૨૬ લાખથી વધુ દીવાઓ સાથે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાની તૈયારી છે.તેમણે કહ્યું કે દીપોત્સવ માત્ર અયોધ્યાના સાંસ્કૃતિક વૈભવને જ મજબૂત બનાવશે નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે તેની ઓળખને પણ મજબૂત બનાવશે. તેમણે કહ્યું કે અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા પછી, બીજા દીપોત્સવને ભવ્યતા અને દિવ્યતા સાથે ઉજવવા માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આ વખતે રામ કી પૈડી અને અન્ય ઘાટ પર ૨૬ લાખથી વધુ દીવા પ્રગટાવીને એક નવો વિશ્વ રેકોર્ડ બનાવવામાં આવશે.તે જ સમયે, સરયુ નદીના કિનારે અત્યાર સુધીની સૌથી મોટી આરતીનું આયોજન કરવામાં આવશે, જેમાં ૧૧૦૦ થી વધુ ધાર્મિક નેતાઓ, સંતો અને નાગરિકો ભાગ લેશે.

## ભગવાનની કૃપાથી, હું તમને બધાને ખાતરી આપવા માંગુ છું કે હું સંપૂર્ણપણે સ્વસ્થ છું : કાજલ



। મુંબઇ, તા.૯ ।

બોલિવૂડ અને દક્ષિણની પ્રખ્યાત અભિનેત્રી કાજલ અગ્રવાલ ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે અભિનેત્રી કોઈ ફિલ્મ માટે ચર્ચામાં નથી આવી, પરંતુ મૃત્યુની અફવાને કારણે સમાચારમાં છે. તાજેતરમાં, અભિનેત્રી કાજલ અગ્રવાલ એક ચોંકાવનારી મૃત્યુની અફવાનો ભોગ બની હતી. સોશિયલ મીડિયા પર આ વાત ઝડપથી ફેલાઈ ગઈ કે તેણીનું મૃત્યુ એક માર્ગ અકસ્માતમાં થયું. એવો પણ દાવો કરવામાં આવ્યો કે તેણીનું મૃત્યુ ગંભીર ઈજાઓને કારણે થયું. આ અફવાએ તેના ચાહકો અને ફિલ્મ ઉદ્યોગમાં ખળભળાટ મચાવી દીધો. જોકે, થોડી જ વારમાં કાજલ પોતે આગળ આવી અને આ અફવાઓને ફગાવી દીધી અને તેના ચાહકોને ખાતરી આપી કે તે સુરક્ષિત છે.કાજલ અગ્રવાલે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી અને એક્સ પર એક પોસ્ટ શેર કરી, જેમાં તેણે જણાવ્યું કે તે સંપૂર્ણપણે સુરક્ષિત અને સ્વસ્થ છે. તેણે લખ્યું, 'મને કેટલાક પાયાવિહોણા સમાચાર મળ્યા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે મારો અકસ્માત થયો છે (અને હું હવે આ દુનિયામાં નથી!). સાચું કહું તો, તે ખૂબ જ મનોરંજક છે કારણ કે તેમાં કોઈ સત્ય નથી.' તેણીએ વધુમાં ઉમેર્યું, 'ભગવાનની કૃપાથી, હું તમને બધાને ખાતરી આપવા માંગુ છું કે હું સંપૂર્ણપણે સ્વસ્થ, સુરક્ષિત અને સારું અનુભવી રહી છું.

### યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નવારોએ ફરી એકવાર ઝેર ઓક્યું

## ભારત-ચીન-રશિયા સંબંધો લાંબા સમય સુધી ટકશે નહીં કારણ કે સભ્ય દેશો એકબીજાને નફરત કરે છે : ટ્રમ્પના સલાહકાર

**બ્રિક્સ ગઠબંધન લાંબો સમય ટકશે નહીં કારણ કે તેના સભ્ય દેશો એકબીજાને 'ધિક્કારે છે' અને તેમની વ્યવસાયિક પદ્ધતિઓ 'વેમ્પાયર' જેવી છે, જે અમેરિકાનું લોહી 'ચૂસી' રહ્યા છે**

। વોશિંગ્ટન, તા.૯ ।

યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વેપાર સલાહકાર પીટર નવારોએ ફરી એકવાર ઝેર ઓક્યું છે અને બ્રિક્સ દેશો પર આકરા પ્રહારો શરૂ કર્યા છે. તેમણે કહ્યું છે કે બ્રિક્સ ગઠબંધન લાંબો સમય ટકશે નહીં કારણ કે તેના સભ્ય દેશો એકબીજાને 'ધિક્કારે છે' અને તેમની વ્યવસાયિક પદ્ધતિઓ 'વેમ્પાયર' જેવી છે, જે અમેરિકાનું લોહી 'ચૂસી' રહ્યા છે. બ્રિક્સ ગઠબંધનમાં શરૂઆતમાં બ્રાઝિલ, રશિયા, ભારત, ચીન અને દક્ષિણ આફ્રિકાનો સમાવેશ થતો હતો. ૨૦૨૪ માં, ઈજિપ્ત, ઈથોપિયા, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાત તેમાં જોડાયા, અને ૨૦૨૫ માં ઈન્ડોનેશિયા પણ તેનો ભાગ બન્યું.'રીઅલ અમેરિકા વોઈસ' શોમાં એક ઈન્ટરવ્યુ દરમિયાન નાવારોએ કહ્યું, "મને નથી લાગતું કે બ્રિક્સ ગઠબંધન લાંબો સમય ટકશે. આ બધા દેશો એકબીજાને નફરત કરે છે અને ઈતિહાસમાં એકબીજા સામે લડ્યા છે." બ્રિક્સ દેશોના વેપાર વલણની ટીકા કરતા તેમણે કહ્યું, 'આ દેશોની અર્થવ્યવસ્થા અમેરિકાને માલ વેચ્યા વિના ચાલી શકે નહીં. પરંતુ જ્યારે તેઓ અમને માલ વેચે છે, ત્યારે તેમની અન્યાયી વેપાર પ્રથાઓ પિશાચની જેમ આપણું લોહી ચૂસે છે.' નાવારોએ ખાસ કરીને ભારત પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું, 'ભારત અને ચીન વચ્ચે દાયકાઓથી તણાવ છે. મને યાદ છે કે, ચીન જ પાકિસ્તાનને પરમાણુ બોમ્બ આપતું હતું. હવે હિંદ મહાસાગરમાં ચીની ધ્વજવાળા જહાજો ફરે છે.'



નાવારોએ રશિયા પાસેથી ભારતની તેલ ખરીદી પર પણ પ્રશ્નો ઉઠાવ્યા. તેમણે દાવો કર્યો કે રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તે પહેલાં, ભારત રશિયા પાસેથી 'નોમિનલ' તેલ ખરીદતું હતું. પરંતુ હવે ભારત 'લોભથી' રશિયન તેલ આયાત કરી રહ્યું છે અને રશિયન રિફાઈનર્સ ભારતમાં 'નફાખોરી' કરી રહ્યા છે. તેમણે કહ્યું કે આના કારણે અમેરિકન કરદાતાઓને યુક્રેન યુદ્ધ માટે વધુ પૈસા ખર્ચવા પડે છે. નવારોએ ભારતના ઊંચા ટેરિફ પર પણ નિશાન સાધ્યું. તેમણે કહ્યું, 'ભારતના ટેરિફ વિશ્વના કોઈપણ મોટા દેશ કરતા વધારે છે. આપણે આને સુધારવું પડશે.' તેમણે ભારતને ચેતવણી આપી કે તેણે વેપાર વાટાઘાટોમાં અમેરિકા સાથે સહયોગ કરવો પડશે, નહીં તો 'રશિયા અને ચીન સાથે જવાથી' સારા પરિણામો નહીં આવે.નાવારોએ રશિયા અને ચીનના સંબંધો પર પણ કટાક્ષ કર્યો. તેમણે દાવો કર્યો કે ચીન રશિયાના વ્લાદિવોસ્તોક બંદર અને સાઈબિરીયા પર નજર રાખી રહ્યું છે.

**વિરોધીઓએ રાષ્ટ્રપતિ ભવન અને વડાપ્રધાનના નિવાસમાં આગ લગાવી**

## નેપાળમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો અને હિંસા વચ્ચે, દેશના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું

**સિરાજ ગઈકાલે રવિવારે રાત્રે ૯.૨૦ વાગ્યે ઓક્ટ્રોય ચોકી પર ઘૂસણખોરી કરતાં પકડાયો હતો । આ ચોકી પર તૈનાત બીએસએફ જવાનોએ તેને જોયો હતો**

। કાઠમાડૂ, તા.૯ ।

ભારતના પડોશી દેશ નેપાળમાં હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. સોશિયલ મીડિયા પ્રતિબંધ અને ભ્રષ્ટાચાર સામે શરૂ થયેલો વિરોધ સોમવારે હિંસક બન્યો. પોલીસે યુવાનોના ટોળા પર ગોળીબાર કર્યો, જેમાં લગભગ ૨૧ લોકો માર્યા ગયા. તે જ સમયે, ૩૦૦ થી વધુ લોકો ઘાયલ થયા છે. હવે નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. એવી શક્યતા છે કે કેપી ઓલી દેશ છોડીને ભાગી શકે છે.મળતી માહિતી મુજબ, નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યા બાદ દેશની કમાન નાયબ વડા પ્રધાનને સોંપી દીધી છે. જોકે, વિરોધ કરી રહેલા લોકોનું કહેવું છે કે દેશમાં વચગાળાની સરકાર બનાવવી જોઈએ. આ ઉપરાંત, સંસદ ભંગ કરીને નવેસરથી ચૂંટણીઓ યોજવાની પણ માંગ છે.સોમવારે વિરોધ કરી રહેલા યુવાનો પર ગોળીબાર બાદ વિરોધ વધુ તીવ્ર બન્યો. મંગળવારે વિરોધીઓએ દેશના મંત્રીઓ અને નેતાઓના ઘરો પર હુમલા વધુ તીવ્ર બનાવ્યા. નેપાળમાં યુવા વિરોધીઓનું ટોળું પીએમ ઓલીના ઘર તરફ આગળ વધ્યું. સૂત્રોના જણાવ્યા અનુસાર, વિપક્ષી નેતા પુષ્પ કમલ દહલ (પ્રચંડ) ના ઘર પર પણ હુમલો કરવામાં આવ્યો છે. નેપાળી કોંગ્રેસ પ્રમુખ દેઉબાના ઘર પર હુમલો કરવામાં આવ્યો છે. ગૃહમંત્રીના ઘરને આગ લગાવવામાં આવી છે અને સંદેશાવ્યવહાર મંત્રીના ઘરને પણ આગ લગાવવામાં આવી છે.નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ દેશમાં થયેલા વિશાળ વિરોધ પ્રદર્શનો પર એક નિવેદન જારી કર્યું. તેમણે કહ્યું, "વિરોધ દરમિયાન બનેલી દુઃખદ ઘટનાથી હું ખૂબ જ દુઃખી છું. જોકે અમે માનતા હતા કે અમારા બાળકો શાંતિપૂર્ણ રીતે તેમની માંગણીઓ રજૂ કરશે, પરંતુ વિવિધ સ્વાર્થી લોકો દ્વારા વિરોધ પ્રદર્શનમાં ઘૂસણખોરી થવાને કારણે ઊભી થયેલી પરિસ્થિતિમાં નાગરિકોના જીવ ગયા... સરકાર સોશિયલ મીડિયાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાના પક્ષમાં નહોતી અને તેના ઉપયોગ માટે વાતાવરણ સુનિશ્ચિત કરશે." નેપાળ સરકારના ઘણા મંત્રીઓએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે.

## રાઈટ્સના વિવાદમાં કંગનાની તનુ વેડ્સ મનુ-થ્રી અટકી



। મુંબઇ, તા.૯ ।

ફિલ્મ નિર્માણ કંપની ઈરોઝ ઈન્ટરનેશનલ અને દિગ્દર્શક આનંદ એલ રાય વચ્ચે રાઈટ્સ બાબતે થયેલી તકરારમાં કંગના રણૌતની 'તનુ વેડ્સ મનુ થ્રી' અટકી પડી છે. 'તનુ વેડ્સ મનુ ' અને 'તનુ વ્ડેસ મનુ રિટર્ન્સ' બંને ફિલ્મના સંપૂર્ણ રાઈટ્સ માત્ર પોતાની પાસે છે તેમ જણાવી ઈરોઝ ઈન્ટરનેશનલે આનંદ એલ રાયને કાનૂની નોટિસ ફટકારી છે અને આ ફિલ્મનો ત્રીજો ભાગ તેની મંજૂરી વિના બનાવી શકાશે નહિ તેમ જણાવ્યું છે. આ ફ્રેન્ચાઈઝીનું નિર્માણ કરાશે તો કાનૂની પગલાં લેવાશે તેવી ચિમકી પણ અપાઈ છે. ઉલ્લેખનીય છે કે અગાઉ 'રાંઝણા ' ફિલ્મનો ક્લાઈમેકસ બદલીને ફિલ્મ રી રીલિઝ કરવા બાબતે પણ આ કંપની અને આનંદ એલ રાય વચ્ચે તકરાર થઈ હતી. આનંદ એલ રાયે ફિલ્મનો ક્લાઈમેક્સ બદલવા સામે વિરોધ કર્યો હતો. જોકે, ઈરોઝ દ્વારા જવાબ અપાયો હતો કે એક નિર્માણ કંપની તરીકે આ ફિલ્મની સંપૂર્ણ માલિકી તેની છે અને તે તેને કોઈપણ રીતે ઉપયોગમાં લઈ શકે છે.

ઈરોઝ ઈન્ટરનેશનલની આનંદ એલ રાયને નોટિસરાંઝણાનો ક્લાઈમેકસ બદલીને રી રીલીઝ કરવાના ઝઘડા બાદ હવે નવી તકરાર ફિલ્મ નિર્માણ કંપની ઈરોઝ ઈન્ટરનેશનલ અને દિગ્દર્શક આનંદ એલ રાય વચ્ચે રાઈટ્સ બાબતે થયેલી તકરારમાં કંગના રણૌતની 'તનુ વેડ્સ મનુ થ્રી' અટકી પડી છે.

## ભારત-ચીન ૨.૮ અબજની વસ્તી ધરાવે છે, સાથે મળીને લડીશું, અમેરિકા વિશે ચીનના રાજદૂત

। બીજીંગ, તા.૯ ।

ચીનના રાજદૂત ઝુ ફેઈહોંગે કહ્યું છે કે ભારત અને ચીને અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફનો સંયુક્ત રીતે સામનો કરવો જોઈએ, કારણ કે તે 'અન્યાયી અને ખોટું' છે. તેમણે કહ્યું કે આ પડકારનો સામનો કરવા માટે બંને દેશોએ તેમની આર્થિક ભાગીદારીને વધુ મજબૂત બનાવવી જોઈએ. સોમવારે નવી દિલ્હીમાં જાપાન પર ચીનના વિજયની ૮૦મી વર્ષગાંઠ નિમિત્તે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા, રાજદૂતે ભારત-ચીન સરહદ વિવાદ પર પણ વાત કરી અને કહ્યું કે આ મુદ્દા પર બંને દેશો વચ્ચે એક મહત્વપૂર્ણ સર્વસંમતિ બની છે.

તે જ સમયે, તેમણે સંકેત આપ્યો કે ભારત-ચીન સંબંધોને કોઈ ત્રીજા દેશ (પાકિસ્તાન) દ્વારા અસર થઈ નથી.ઝુએ અમેરિકાની ટેરિફ નીતિની આકરી ટીકા કરી.

તેમણે કહ્યું, 'અમેરિકા ટેરિફનો ઉપયોગ હથિયાર તરીકે કરી રહ્યું છે. આ આંતરરાષ્ટ્રીય વેપાર માટે ખોટું છે. દરેકને વેપારમાં ફાયદો થવો જોઈએ, પરંતુ અમેરિકા હવે ભારત પર ૫૦ ટકા સુધી ટેરિફ લાદી રહ્યું છે, જે સંપૂર્ણપણે અન્યાયી છે.' તેમણે ભારત અને ચીનને આ 'ખતરો'નો સંયુક્ત રીતે સામનો કરવા અપીલ કરી. તેમણે કહ્યું, 'આપણી પાસે ૨.૮ અબજની વસ્તી છે. આપણી અર્થવ્યવસ્થા અને બજારો ખૂબ મોટા છે.

## નેપાળમાં ચાલી રહેલા હિંસક વિરોધ પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૨૧ યુવાનોના મોત થયા છે : પીએમ કેપી ઓલી

। કાઠમાંડૂ, તા.૯ ।

નેપાળમાં સોશિયલ મીડિયા પ્રતિબંધ સામે થયેલા હિંસક વિરોધ પ્રદર્શનોમાં ૨૧ યુવાનોના મોત થયા છે. આ સાથે, ૩૫૦ થી વધુ યુવાનો ઘાયલ થયા છે. જોકે, આ છતાં, વિરોધીઓ પાછા ન હટ્યા, જેના પછી નેપાળના પીએમ કેપી શર્મા ઓલી સરકારે સોશિયલ મીડિયા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય પાછો ખેંચવો પડ્યો. હવે આ સમગ્ર ઘટના પછી, નેપાળના પીએમ કેપી શર્મા ઓલીએ પોતાનું પહેલું નિવેદન બહાર પાડ્યું છે.ખરેખર, નેપાળ સરકારે તાજેતરમાં ફેસબુક અને એક્સ સહિત ૨૬ સોશિયલ મીડિયા સાઈટ્સ પર પ્રતિબંધ મૂકવાનો આદેશ જારી કર્યો હતો. સોમવારે, નેપાળમાં સોશિયલ મીડિયા પર પ્રતિબંધ અને ભ્રષ્ટાચાર સામે હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ દરમિયાન, વિરોધીઓ સંસદ પરિસરમાં ઘૂસી ગયા. ભીડને કાબૂમાં લેવા માટે, પોલીસે પાણીનો મારો, ટીયર ગેસ અને રબર બુલેટનો ઉપયોગ કર્યો, પરંતુ પરિસ્થિતિ કાબૂ બહાર થઈ ગઈ, ત્યારબાદ પોલીસે ગોળીબાર કર્યો. આમાં, ૨૧ યુવાનોના મોત થયા.. જ્યારે ૩૫૦ થી વધુ યુવાનો ઘાયલ થયા.નેપાળના વડા પ્રધાન કેપી શર્મા ઓલીએ દેશમાં થઈ રહેલા વિશાળ વિરોધ પ્રદર્શનો પર એક નિવેદન જારી કરીને કહ્યું કે- "આજે પેઢી-ઝેડ દ્વારા વિરોધ પ્રદર્શન દરમિયાન બનેલી દુઃખદ ઘટનાથી હું ખૂબ જ દુઃખી છું. જોકે, અમે માનતા હતા કે અમારા બાળકો શાંતિપૂર્ણ રીતે તેમની માંગણીઓ રજૂ કરશે, પરંતુ વિવિધ સ્વાર્થી લોકો દ્વારા વિરોધપ્રદર્શનમાંઘૂસણખોરીથીસર્જાયેલી પરિસ્થિતિમાં નાગરિકોના જીવ ગયા. સરકાર સોશિયલ મીડિયાનો ઉપયોગ બંધ કરવાના પક્ષમાં નહોતી અને તેના ઉપયોગ માટે વાતાવરણ સુનિશ્ચિત કરશે.

**રાજસ્થાન વિધાનસભામાં ઘર્ષણ**

**શૂન્ય કલાક દરમિયાન, સ્પીકરે ગૃહમાં માર્શલ્સને બોલાવ્યા, જેનાથી કોંગ્રેસના ધારાસભ્યો વધુ ગુસ્સે થયા । કોંગ્રેસના મહિલા ધારાસભ્યો અને માર્શલ્સ વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ**

## રાજસ્થાન રાજ્ય વિધાનસભામાં કોંગ્રેસ અને સ્પીકર વચ્ચે ઝપાઝપી વધી ગઇ

। જયપુર ,તા.૯ ।

રાજસ્થાન વિધાનસભામાં કોંગ્રેસના ધારાસભ્યો અને સ્પીકર વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ. હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી બે વાર મુલતવી રાખવી પડી. શૂન્ય કલાક દરમિયાન, સ્પીકરે ગૃહમાં માર્શલ્સને બોલાવ્યા, જેનાથી કોંગ્રેસના ધારાસભ્યો વધુ ગુસ્સે થયા. કોંગ્રેસના મહિલા ધારાસભ્યો અને માર્શલ્સ વચ્ચે ઉગ્ર ઝપાઝપી થઈ. બીજી એક ઘટનામાં, સરકારના કેબિનેટ મંત્રી કિરોરી લાલ મીણાએ બધાને આશ્ચર્યચકિત કર્યા. પ્રશ્નકાળ દરમિયાન કિરોરી પોતાની બેઠક પરથી ઉભા થયા અને ફ્રન્ટ કેમ્પમાં કોંગ્રેસના ધારાસભ્યોની બાજુમાં "નો પાર્ટી" માં બેઠા. કિરોરી વિપક્ષમાં બેઠા હતા ત્યારે કોંગ્રેસ અને સ્પીકર વચ્ચે જોરદાર ટક્કર થઈ.શરૂઆતથી જ કોંગ્રેસ અને સ્પીકર વાસુદેવ દેવનાની વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. મંગળવારે પ્રશ્નોત્તરી સમય દરમિયાન, કોંગ્રેસના ધારાસભ્ય સુરેશ ગુર્જરે ખાનપુર વિધાનસભામાં ચોરી અને લૂંટના કેસ અંગે પ્રશ્ન પૂછ્યો હતો. આના પર, વિરોધ પક્ષના નેતા તરીકે ટીકારામ જુલી પૂરક પ્રશ્ન પૂછવા માંગતા હતા, પરંતુ સ્પીકરે તેને મંજૂરી આપી ન હતી કે આ મામલો રાજ્યનો નથી. જુલીએ કહ્યું કે પ્રશ્ન પૂછવાનો મારો અધિકાર છે અને આ સમગ્ર રાજ્યનો પ્રશ્ન છે. પરંતુ સ્પીકરે તેમના શબ્દોને અવગણીને આગળનો પ્રશ્ન બોલાવ્યો. આ પછી, કોંગ્રેસના ધારાસભ્યો ગુસ્સે થઈ ગયા અને સ્પીકર સામે વિરોધ શરૂ કર્યો. તેઓ સૂત્રોચ્ચાર કરતા વેલમાં આવી ગયા. સ્પીકરે તેમને તેમની બેઠકો પર જવા કહ્યું પરંતુ કોંગ્રેસના ધારાસભ્યો સ્પીકરથી ખૂબ ગુસ્સે થયા. જેના કારણે સ્પીકરે પ્રશ્નકાળ દરમિયાન જ કાર્યવાહી સ્થગિત કરી દીધી.આ પછી, બપોરે ૧૨ વાગ્યે ગૃહની કાર્યવાહી ફરી શરૂ થઈ. સ્પીકરે શૂન્ય કલાકમાં સ્થગિત પ્રસ્તાવ આપનારા ધારાસભ્યોના નામ વાંચવાનું શરૂ કર્યું પરંતુ કોંગ્રેસના ધારાસભ્યોનો વિરોધ વેલમાં ચાલુ રહ્યો. સ્પીકરે કોંગ્રેસના ધારાસભ્યોને રોકવા માટે માર્શલોને બોલાવ્યા. જેના પછી મામલો વધુ વકર્યો. કોંગ્રેસના મહિલા ધારાસભ્યોએ માર્શલોને બહાર જવા કહ્યું. આ દરમિયાન, માર્શલો અને કોંગ્રેસના ધારાસભ્યો વચ્ચે ઘણી ધક્કામુક્કી થઈ. જે પછી ૧૨:૦૫ વાગ્યે, ગૃહની કાર્યવાહી ફરીથી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી. ભાજપે સમગ્ર ઘટનાને ઉથલાવી દીધી. અમર ઉજાલા સાથેની વાતચીતમાં સંસદીય મંત્રી જોગારામ પટેલે કહ્યું કે આ ખુરશી અને વિપક્ષ વચ્ચેનો મામલો છે, ફક્ત તેઓ જ જાણે છે.કિરોધી લાલ મીણા પ્રશ્નોત્તરી દરમિયાન પોતાની સીટ પર બેઠા હતા. બેઠક પરથી ઉભા થઈને તેઓ પહેલા ભાજપના ધારાસભ્ય પ્રતાપ સિંહ સિંઘવીની સીટ પર ગયા.



**મેક્સિકો સિટીના ઉત્તર-પશ્ચિમમાં એક મોટો અકસ્માત થયો** | **ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા અને ૪૦ થી વધુ ઘાયલ થયા**

## મેક્સિકોમાં અકસ્માત, માલગાડી ડબલ-ડેકર બસ સાથે અથડાઈ । ૧૦ લોકોના મોત

। મેક્સિકો, તા.૯ ।

મેક્સિકો સિટીના ઉત્તર-પશ્ચિમમાં એક મોટો અકસ્માત થયો. ક્રોસિંગ પર એક માલગાડી ડબલ-ડેકર બસ સાથે અથડાઈ. આ ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા અને ૪૦ થી વધુ ઘાયલ થયા. આ ટક્કર મેક્સિકો સિટીથી લગભગ ૮૦ માઈલ (૧૩૦ કિલોમીટર) દૂર એટલાકોમુલ્કો શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં થઈ. અહીં ગોદામો અને ફેક્ટરીઓ છે.

મેક્સિકોની નાગરિક સુરક્ષા એજન્સીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે અધિકારીઓ હજુ પણ ઘટનાસ્થળે બચાવ કાર્યમાં રોકાયેલા છે. તે જ સમયે, રાજ્યના ફરિયાદીની ઓફિસે



આ મામલાની તપાસ શરૂ કરી છે. બસ 'હેરાડુરા ડી પ્લાટા' નામની બસ લાઈનની હતી, જે ટક્કર બાદ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. એજન્સીએ પુષ્ટિ આપી છે કે અકસ્માતમાં ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે અને ૪૧ લોકો ઘાયલ થયા છે.

સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ઘાયલોને રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. અધિકારીઓએ તાત્કાલિક જણાવ્યું ન હતું કે અકસ્માત કેવી રીતે થયો. મેક્સિકોની રેલ પરિવહન નિયમનકારી એજન્સીના તાજેતરના અહેવાલ મુજબ, લેવલ ક્રોસિંગ પર અકસ્માતો સૌથી સામાન્ય છે અને તાજેતરના વર્ષોમાં તેમની સંખ્યામાં વધારો થયો છે. અહેવાલ મુજબ, ગયા વર્ષે આવા ૮૦૦ અકસ્માતો થયા હતા, જ્યારે ૨૦૨૦ માં આ સંખ્યા ૬૦૨ હતી. જોકે, આ અકસ્માતોમાં મૃત્યુ પામેલા લોકોની સંખ્યાનો અહેવાલમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. મેક્સિકો સિટીના ઉત્તર-પશ્ચિમમાં એક મોટો અકસ્માત થયો. ક્રોસિંગ પર એક માલગાડી ડબલ-ડેકર બસ સાથે અથડાઈ. આ ભયાનક અકસ્માતમાં ઓછામાં ઓછા ૧૦ લોકો માર્યા ગયા અને ૪૦ થી વધુ ઘાયલ થયા. આ ટક્કર મેક્સિકો સિટીથી લગભગ ૮૦ માઈલ (૧૩૦ કિલોમીટર) દૂર એટલાકોમુલ્કો શહેરના ઔદ્યોગિક વિસ્તારમાં થઈ. અહીં ગોદામો અને ફેક્ટરીઓ છે.

મેક્સિકોની નાગરિક સુરક્ષા એજન્સીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર જણાવ્યું હતું કે અધિકારીઓ હજુ પણ ઘટનાસ્થળે બચાવ કાર્યમાં રોકાયેલા છે. તે જ સમયે, રાજ્યના ફરિયાદીની ઓફિસે આ મામલાની તપાસ શરૂ કરી છે. બસ 'હેરાડુરા ડી પ્લાટા' નામની બસ લાઈનની હતી, જે ટક્કર બાદ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગઈ હતી. એજન્સીએ પુષ્ટિ આપી છે કે અકસ્માતમાં ૧૦ લોકો મૃત્યુ પામ્યા છે અને ૪૧ લોકો ઘાયલ થયા છે.સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, ઘાયલોને રાજ્યની વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya